RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૨   બુધવાર, તા.૧૦-૦૪-૨૦૨૪   અંક : ૨૧૩ વર્ષ : ૨૧   e-mail : sauaajtak@gmail.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

# તોફાની તેજી : સેન્સેક્સ અને નિફ્ટીએ બનાવી નવી સપાટી

### સેન્સેક્સે ૭૫,૧૨૪ની અને નિફ્ટીએ ૨૨,૭૬૫ની ઓલ ટાઈમ હાઈ બનાવ્યા બાદ લાલ નિશાન પર બજારબંધ

મુંબઈ,તા.૯

ભારતીય બેન્ચમાર્ક સૂચકાંકો મંગળવારે નવી ઊંચાઈએ ખૂલ્યા હતા. યુએસ માર્કેટમાં નબળા વલણ છતાં આઈટી અને ઓટો સેક્ટરમાં ખરીદીને કારણે ભારતીય બજાર લીલું જોવા મળ્યું હતું એસએન્ડ બીએસઈ સેન્સેક્સ ૭૫,૧૨૪ ની નવી ટોચે પહોંચવા માટે પ્રથમ વખત ૭૫,૦૦૦ ની સપાટી વટાવી ગયો હતો, જ્યારે વ્યાપક નિફ્ટી ૫૦ એ ૨૨,૭૬૫ ની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.જો કે ત્રણ દિવસના રેકોર્ડ ઉછાળા બાદ મંગળવારે સ્થાનિક શેરબજારો લાલ નિશાનમાં બંધ થયા હતા. સપ્તાહના બીજા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ ૫૮.૮૦ (૦.૦૭%) પોઈન્ટ ઘટીને ૭૪,૬૮૩.૭૦ પર બંધ થયો હતો. બીજી તરફ, નિફ્ટી ૨૩.૫૫ (૦.૧૦%) પોઈન્ટ્સ નબળો પડીને ૨૨,૬૪૨.૭૫ના સ્તરે બંધ રહ્યો હતો. બુધવારે શરૂઆતના કારોબારમાં સેન્સેક્સ અને નિફ્ટી તેજી તરફ વળ્યા હતા. સવારે ૯:૨૦ વાગ્યે નિફ્ટીના ૩૫ શેર લીલા નિશાન પર ટ્રેડ થઈ રહ્યા હતા જ્યારે ૧૫ શેર લાલ નિશાન પર ટ્રેડ થઈ રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન હીરો મોટોકોર્પ, ઈન્ફોસિસ, ટાટા મોટર્સ, બજાજ ફાઈનાન્સ અને પાવર ગ્રીડના શેર્સ ટોપ ગેઈનર તરીકે ટ્રેડ થતા જોવા મળ્યા હતા. જ્યારે દિવ્યા લેબોરેટરીઝ, ઓએનજીસી, આઈશર મોટર્સ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર ટોપ લોઝર તરીકે ટ્રેડ થતા જોવા મળ્યા હતા. મંગળવારના ટ્રેડિંગ સેશન દરમિયાન ઈન્ફોસિસ, એક્સિસ બેંક અને ગ્લેન્ડ ફાર્માના શેરો ફોકસમાં હતા. ઈન્ફોસિસના શેરમાં બે ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. આ વધારાનું કારણ બેંક ઓફ અમેરિકા તેને ન્યુટ્રલમાંથી બાય કેટેગરીમાં અપગ્રેડ કરવાનું હતું. મંગળવારના ટ્રેડિંગ સેશન દરમિયાન ઈન્ફોસિસ, એક્સિસ બેંક અને ગ્લેન્ડ ફાર્માના શેરો ફોકસમાં હતા. ઈન્ફોસિસના શેરમાં બે ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. આ વધારાનું કારણ બેંક ઓફ અમેરિકા તેને ન્યુટ્રલમાંથી બાય કેટેગરીમાં અપગ્રેડ કરવાનું હતું. બેન કેપિટલ દ્વારા બ્લોક ડીલ દ્વારા એક્સિસ બેંકના શેરમાં ૧.૧% હિસ્સો વેચવાના સમાચાર બાદ ખાનગી બેંકના શેર સપાટ ટ્રેડ થતા જોવા મળ્યા હતા.

# રાજકોટ બેઠક પર રૂપાલા અને ધાનાણી વચ્ચે જંગ નિશ્ચિત

### રાજકોટ લોકસભા બેઠક પર કડવા પાટીદાર સામે લેઉવા પાટીદારનો જામશે જંગઃ નેતૃત્વ આદેશ આપે એટલે રાજકોટથી ચૂંટણી લડવા તૈયારઃ પરેશ ધાનાણી





રાજકોટ, તા.૯

લોકસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે. ત્યારે રાજ્યમાં આ વખતે રાજકોટ બેઠક ખૂબ જ ચર્ચામાં છે. કારણ કે ભાજપે અહીં કેન્દ્રિયમંત્રી પરસોત્તમ રૂપાલાને ટિકિટ આપી છે અને રાજપૂત સમાજ પરની ટિપ્પણીને લઈને રૂપાલાનો વિરોધ થઈ રહ્યો છે. જ્યારે કોંગ્રેસે આ બેઠક પર હજી કોઈ ઉમેદવારની જાહેરાત નથી કરી. જોકે, કોંગ્રેસ અમરેલીના પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીને ટિકિટ આપી શકે એવી ચર્ચાઓ થઈ રહી છે. અગાઉ પરેશ ધાનાણીએ ચૂંટણી લડવાની ના પાડી હતી. જેને લઈને આજે રાજકોટથી કોંગ્રેસના કાર્યકર્તાઓ પરેશ ધાનાણીને મનાવવા અમરેલી પહોંચ્યા હતા. જ્યાં પરેશ ધાનાણીએ પાર્ટી ટિકિટ આપે તો લડવાની તૈયારી બતાવી છે.

લોકસભા ચૂંટણીનું રણશિંગું ફૂંકાઈ ચૂક્યું છે. ભાજપે આ વખતે રાજકોટ સીટ પરથી મોહન કુંડારિયાની ટિકિટ કાપી કેન્દ્રીયમંત્રી પરસોત્તમ રૂપાલાને ઉતાર્યા છે. પરંતુ કોંગ્રેસે હજુ સુધી તેમની સામેનો ઉમેદવાર જાહેર કર્યો નથી. જોકે હાલ રાજકોટ સીટ પરથી વિધાનસભામાં વિપક્ષના પૂર્વ નેતા એવા પરેશ ધાનાણીનું નામ ચાલી રહ્યું છે.

જોકે, પરેશ ધાનાણીએ અગાઉ ચૂંટણી લડવાની ના પાડી હતી. જેને લઈને આજે રાજકોટ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો અમરેલી પહોંચ્યા હતા. જેમાં પૂર્વ ધારાસભ્ય લલિત કગથરા પણ હાજર હતા. લલિત કગથરાએ જણાવ્યું હતું કે, અમે બધા કાર્યકર્તાઓ અમરેલી આવ્યા છીએ. અમે ધાનાણી ભાઈને કહીએ છીએ કે રૂપાલા ભાઈનું જે વાતાવરણ બન્યું છે. એટલે તમારે લડવાનું છે. રાજકોટ બેઠક પર રૂપાલા ચૂંટણી લડે તો જ ધાનાણી ભાઈએ લડવાનું છે. સંજોગો વસાત રૂપાલાનું ચૂંટણી લડવાનું કેન્સલ થાય તો અમે પરેશને સામેથી કહી દઈએ કે પરેશભાઈ તમારે નથી લડવાનું અને પરેશભાઈએ પણ અમારી લાગણીનું માન રાખ્યું છે. પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, મેં ક્યારેય પીઠ નથી દેખાડી, નેતૃત્વને જ્યારે જરૂર પડી ત્યારે પરેશ ધાનાણીએ જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી છે.

# સુરતના VR મોલને બ્લાસ્ટથી ઉડાવી દેવાની ધમકી : અફરા-તફરી, મોલને ખાલી કરી દેવાયો

### 'બચાવવા હોય તેટલાને બચાવી લો', અજાણ્યા આઈડી પરથી મેઈલ આવ્યો : દેશભરમાં ૫૨ જગ્યાએ ઈમેઈલ થયા

સુરત,

સુરતના ડુમસ રોડ પર આવેલા વી.આર. મોલને બ્લાસ્ટથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. અજાણ્યા આઈડી પરથી મેઈલ કરવામાં આવ્યો છે. જેમાં લખાયું છે કે, જેટલાને બચાવવા હોય તેટલાનો બચાવી લોપઆ મેઈલથી ગભરાહટનો માહોલ છવાઈ ગયો છે. સાથે જ મોલને ખાલી કરી દેવામાં આવ્યો છે.ડોગ સ્ક્વોડ, બોમ્બ સ્ક્વોડ સહિતની ટીમે સર્ચ કામગીરી શરૂ કરી છે. મોલ મેનેજમેન્ટે કર્મચારીઓને બહાર



નીકળવાની સૂચના આપી હતી.જેથી મોલ ખાલી કરી દેવાયો છે.

ડુમસ રોડ પર આવેલા વી.આર. મોલને ધમકી ભર્યો મેઈલ કરવામાં આવ્યો છે. આ વાતથી ભારે ગભરાહટ સાથે મોલને ખાલી કરી દેવામાં આવ્યો છે. સાથે જ કોઈ અનિચ્છનિય ઘટના ન બને તે માટે પોલીસની વિવિધ ટીમ સાથે સમગ્ર મોલની તપાસ કરવામાં આવી રહી છે. સાથે જ મોલની આસપાસ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# CRPFને સફળતાઃ નકસલ ક્ષેત્રમાં વિસ્ફોટકો ભરેલી ગુફા શોધી કાઢી

### આધુનિક રોકેટ લોન્ચર, શક્તિશાળી વિસ્ફોટકો તૈયાર કરી શકાય તેવા પદાર્થો-ડિટોનર્સ મળ્યા

બસ્તર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશભરમાં ચુંટણી પ્રચારમાં વ્યસ્ત છે અને તેઓ આજે છતીસગઢના બસ્તરમાં એક વિશાળ રેલીને સંબોધન કરવા પહોંચ્યા તે પુર્વેસીઆરપીએફ દ્વારા અહીના સુકમાના કુબ્બામસ્કામાં જંગલ વિભાગમાં જ એક ગુફામાંથી વિસ્ફોટકો ઝડપી લીધા હતા.

આ ક્ષેત્રમાં તેઓએ વિસ્ફોટકો તથા દારૂગોળો છુપાવ્યાના રિપોર્ટ પરથી જબરુ તલાશી અભિયાન છેડવામાં આવ્યું હતું જેમાં એક ગુફામાં રખાયેલા વિસ્ફોટકો ઉપરાંત ગ્રેનેડ લોન્ચર, બીજીએમ પ્રોજેકટર, જીલેટીન રોડ, ઈલેકટ્રોનીક ડિટોનર્સ તથા વિસ્ફોટક બનાવતી સામગ્રી કબ્જે કરી હતી. આ ગુફા શોધવા અર્ધલશ્કરી દળોના જવાનોએ ૮ કીમી પગે ચાલીને ગુફાનું પગેરુ શોધ્યુ હતું.

આ વિસ્ફોટકોનો ઉપયોગ લોકસભા ચૂંટણી ખોરવવા થવાનો ભય હતો તથા ગુફામાં નકસલી પાસે અત્યંત આધુનિક હથિયાર જોઈને અધિકારીઓ પણ સ્તબ્ધ બની ગયા હતા. જેમાં રોકેટ લોન્ચર અત્યંત આધુનિકત અને વસવાટમાં મોટો વિનાશ વેરી શકે છે તેમાં જો જીલેટીન સ્ટીક ૩૦ કિલો જીલેટીન સહિતના પદાર્થોથી શકિતશાળી વિસ્ફોટક પણ તૈયારી કરી શકાય તેટલા રસાયણ, વાયરલેસ સેલ ઉપરાંત દેશી બેરલ બંદુકો તૈયાર કરી છે તેનો પણ જથ્થો મળી આવ્યો હતો.

# રાજ્યમાં કાળઝાળ ગરમીઃ મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રી પાર

અમદાવાદ,તા.૯

રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. જેમાં મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રી પાર ગયુ છે. તેમજ ૭ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી ઉપર નોંધાયુ છે. સૌથી વધુ તાપમાન ભુજમાં ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ડિસ્કમ્ફર્ટ કન્ડિશનની આગાહી કરવામાં આવી છે.

ડીસામાં ૪૧.૧, અમદાવાદમાં ૪૦ ડિગ્રી તાપમાન સાથે રાજકોટમાં ૪૧, સુરેન્દ્રનગરમાં ૪૧.૧ ડિગ્રી તથા ભુજમાં ૪૧.૭ડિગ્રી, કંડલામાં ૪૦.૭ ડિગ્રી તાપમાન છે. ગરમી અને



ભેજના કારણે ડિસ્કમ્ફર્ટ કન્ડિશનની સંભાવના છે. તેમજ છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલ તાપમાનના આંકડા પર નજર કરીએ તો તેમાં અમદાવાદ ૪૦.૦ ડિગ્રી, ગાંધીનગર ૩૯.૩ ડિગ્રી, ડીસા ૪૧.૧ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગર ૩૯.૫ ડિગ્રી તેમજ વડોદરા ૩૮.૬ ડિગ્રી તથા સુરત ૩૭.૦ ડિગ્રી તાપમાન રહ્યું છે. ભાવનગર ૩૭.૨ ડિગ્રી, રાજકોટ ૪૧.૦ ડિગ્રી, સુરેન્દ્રનગર ૪૧.૧ ડિગ્રી, મહુવા ૩૭.૦ ડિગ્રી, ભુજ ૪૧.૭ડિગ્રી તેમજ કંડલા ૪૦.૭ ડિગ્રી તથા કેશોદમાં ૩૯.૦ ડિગ્રી તાપમાન રહ્યું છે. ચૈત્ર માસના પ્રારંભ પૂર્વે જ સૂર્યનારાયણના આકરા તેવર જોવા મળ્યા છે. રાજ્યના ૭ શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી વધુ જોવા મળ્યો હતો. ઉત્તર ગુજરાતના મહેસાણા અને પાટણમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીને આંબી ગયો હતો. મહત્તમ તાપમાનમાં આગામી પાંચ દિવસ સુધી કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે.

# કેજરીવાલને ઝટકો : ધરપકડને ચેલેન્જ કરતી અરજી હાઈકોર્ટે ફગાવી દીધી

### ધરપકડ બાદ EDના રિમાન્ડને ગેરકાયદે ન કહી શકાય

નવીદિલ્હી,

દિલ્હી સીએમ અરવિંદ કેજરીવાલને હાઈકોર્ટમાંથી ઝટકો લાગ્યો છે. મંગળવારે દિલ્હી હાઈકોર્ટે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને રાહત આપવાનો ઈન્કાર કરતા કહ્યું કે, આ જામીનનો મામલો નથી. ધરપકડને પડકારવાનો છે. જણાવી દઈએ કે, સીએમ કેજરીવાલે એક્સાઈઝ પોલિસી મામલામાં મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડને પડકારી હતી. હાઈકોર્ટે આ અરજી ફગાવી દેતા ધરપકડને માન્ય ગણાવી હતી. સાથે જ હાઈકોર્ટે કહ્યું કે અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ ઈડીના રિમાન્ડને ગેરકાયદે ન કહી શકાય.

ઈડી દ્વારા ધરપકડ અને અટકાયતને પડકારતી કેજરીવાલની અરજી કોર્ટે ફગાવી દીધી છે. જસ્ટિસ સ્વર્ણકાંતા શર્માએ ચુકાદો આપતાં કહ્યું કે, આ કેન્દ્ર સરકાર અને કેજરીવાલ વચ્ચેનો મામલો નથી, પરંતુ ઈડી અને તેમની વચ્ચેનો મામલો છે. એજન્સીએ તેમની મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી છે.

# તરસેમસિંહ હત્યા કેસનો શાર્પશૂટર અમરજીત એન્કાઉન્ટરમાં થયો ઠાર

### મુખ્ય આરોપી અમરજીતસિંહ વિરુદ્ધ ૧૬થી વધુ કેસ નોંધાયેલા છે

નવીદિલ્હી,

શ્રી નાનકમત્તા સાહિબ ગુરુદ્વારા ડેરા કાર સેવાના પ્રમુખ બાબા તરસેમ સિંહની હત્યાના મુખ્ય આરોપી એન્કાઉન્ટરમાં માર્યો ગયો. ૨૮ માર્ચે બાબા તરસેમ સિંહની ગોળી મારીને હત્યા કરનાર અમરજીત સિંહ ઉર્ફે બિટ્ટુને ઉત્તરાખંડ STF અને હરિદ્વાર પોલીસે ભગવાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એન્કાઉન્ટરમાં ઠાર માર્યો હતો. અમરજીત સિંહ વિરુદ્ધ ૧૬ થી વધુ કેસ નોંધાયેલા છે. દરમિયાન હત્યારાનો અન્ય સાથી ફરાર છે. એસટીએફ અને પોલીસ શોધખોળમાં લાગેલી છે.

૨૮ માર્ચે બાબા તરસેમ સિંહની બાઈક પર આવેલા બે બદમાશોએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. આ ઘટના નાનકમત્તા સાહિબ ગુરુદ્વારાની બહાર બની હતી. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

# આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારનારા રાજ શેખાવતની એરપોર્ટ પર અટકાયત

### સુરેન્દ્રનગર અને મહિસાગર જિલ્લામાં રાજપૂત સમાજે રૂપાલાના વિરોધમાં પ્રદર્શન કર્યુ

અમદાવાદ,તા.૯

કેન્દ્રીય મંત્રી અને રાજકોટથી ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિયો વિશે કરેલી ટિપ્પણીનો વિવાદ વધુને વધુ વકરતો જાય છે. કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવતે ગાંધીનગર સ્થિતિ ભાજપ કાર્યાલય કમલનો ઘેરાવ કરીને તેની સામે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી. જેને પગલે સવારથી જ કમલમ ખાતે પોલીસ કાફલો ખડકી દેવાયો હતો. એરપોર્ટથી કમલમ તરફ જઈ રહેલાં રાજ શેખાવતને પોલીસે અધવચ્ચે જ દબોચી લીધાં. ઉલ્લેખનીય છેકે, કરણીસેનાના અધ્યક્ષ રાજ શેખાવતે કહ્યું હતુકે, જો રાજકોટથી ભાજપના ઉમેદવાર રૂપાલાની ટિકિટ રદ નહીં કરવામાં આવે, જો ઉમેદવાર નહીં બદલવામાં આવે તો તેમનો વિરોધ યથાવત રહેશે. આ મુદ્દે શેખાવતે એવી પણ ચીમકી ઉચ્ચારી હતીકે, જો આ મુદ્દે ભાજપ ઉમેદવાર નહીં બદલે તો તે કમલમ ખાતે આત્મવિલોપન કરશે. અમદાવાદ એરપોર્ટથી કમલમ તરફ જઈ રહેલાં રાજ શેખાવતની પોલીસે અટકાયત કરી હતી.



# રામલલા પહેરશે સોના અને ચાંદીના ભરતકામ વાળા સુતરાઉ વસ્ત્રો

### આ વખતે હિંદુ નવું વર્ષ ઘણી રીતે ખાસ રહેશે

અયોધ્યા,

ચૈત્ર નવરાત્રીના પ્રથમ દિવસથી ભગવાન રામલલા સોના અને ચાંદીની ભરતકામવાળા સુતરાઉ વસ્ત્રો પહેરશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રે ઈન્ટરનેટ મીડિયા દ્વારા આ માહિતી આપી છે.ચૈત્ર નવરાત્રીના પ્રથમ દિવસથી ભગવાન રામલલા સોના અને ચાંદીની ભરતકામવાળા સુતરાઉ વસ્ત્રો પહેરશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રે ઈન્ટરનેટ મીડિયા દ્વારા આ માહિતી આપી છે. સુતરાઉ કપડાં પર ચાંદી અને સોનાની હસ્તકલા છે. તેમાં વૈષ્ણવ પૂજા પ્રણાલીના પ્રતીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## રામનવમી પર ચાર મિનિટ માટે રામલલાના લલાટે સૂર્ય તિલક

આ વખતે રામનવમી પર સૂર્યના કિરણો રામ મંદિરમાં હાજર ભગવાન શ્રી રામલલ્લાનો અભિષેક કરશે. મંદિરના ત્રીજા માળે સ્થાપિત ઓપ્ટોમિકેનિકલ સિસ્ટમ દ્વારા કિરણો ૧૭ એપ્રિલે બપોરે ૧૨ વાગ્યે ગર્ભગૃહમાં પહોંચશે. અહીં કિરણો અરીસામાંથી પ્રતિબિંબિત થશે અને રામલલ્લાના કપાળ પર ૭૫ મીમીના ગોળ તિલકના રૂપમાં ૪ મિનિટ સુધી સીધા જ જોવા મળશે. દેશની બે વૈજ્ઞાનિક સંસ્થાઓની મહેનતથી આ સૂર્ય તિલક સાકાર થઈ રહ્યું છે.

મંદિરના પૂજારી અશોક ઉપાધ્યાયના જણાવ્યા મુજબ, થોડા દિવસો પહેલા, ગર્ભગૃહની ઉપર ત્રીજા માળે સૂર્ય તિલક માટે વૈજ્ઞાનિક ઉપકરણો સ્થાપિત કરવામાં આવ્યા હતા. રવિવારે મધ્યાહન આરતી પછી જ્યારે પ્રથમ અજમાયશ થઈ ત્યારે રામલલ્લાના હોઠ પર કિરણો પડ્યાં. પછી લેન્સ ફરીથી સેટ કરવામાં આવ્યો અને સોમવારે ટ્રાયલ હાથ ધરવામાં આવી અને કિરણો કપાળ પર પડ્યા. જેના કારણે હવે રામ નવમી પર સૂર્ય તિલકનું આયોજન નિશ્ચિત માનવામાં આવે છે.

# જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને અમરેલી સ્થિત પટેલ સંકુલ ખાતે મતદાન જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો



## વિદ્યાર્થિનિઓ સહિતનાઓએ મતદાન માટેના શપથ લીધા,મતદાન જાગૃત્તિ અંગે સિગ્નેચર કેમ્પેઈન યોજાયું

(અતુલ કારિયા) અમરેલી:

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત અમરેલી શહેરમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાના હેતુથી અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પટેલ સંકુલ ખાતે વોટર ફેસ્ટિવલ યોજાયો હતો. TIP નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાની પ્રેરક ઉપસ્થિતિમાં 'મતદાન જાગૃત્તિ' કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી જિલ્લામાં મતદાનની ટકાવારી વધે અને મતદારો ઉત્સાહપૂર્વક મતદાન પ્રક્રિયામાં જોડાય તે માટે યોજાયેલા આ જાગૃત્તિ કાર્યક્રમમાં ખર્ચ નોડલ અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાએ જણાવ્યુ કે, લોકસભાની ચૂંટણીમાં અમરેલી જિલ્લામાં કેટલાક બુથ પર મહિલા મતદારોનું મતદાન ઓછું હતું. ઓછું મતદાન હોય તેવા મતદાન મથકો પર મહિલા અને પુરુષ મતદારો દ્વારા સમાન ટકાવારીમાં મતદાન થાય અને તમામ બુથ પર વધુમાં વધુ વધુ મતદાન થાય તે માટે ચૂંટણી પંચના નિર્દેશ મુજબ ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. તેમણે જણાવ્યુ કે, વિદ્યાર્થીઓ, મતદાર જાગૃત્તિ કાર્યક્રમના એમ્બેસેડર બની સો ટકા મતદાન થાય તે માટે જાગૃત્તિ પ્રસરાવે. પોતાના પરિવાર ખાસ કરીને પરિવારના મહિલાઓ પણ અવશ્ય મતદાન કરે તે વિદ્યાર્થીઓ સુનિશ્ચિત કરે. જે વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓના ૧૮ વર્ષ પૂર્ણ થયા છે પરંતુ મતદાર તરીકે નોંધણી કરાવી નથી તે ફોર્મ નં. ૦૬ ભરીને મતદાર તરીકે પોતાની નોંધણી કરાવી શકે છે.

આ તકે તેમણે સંકુલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનિઓને તાત્કાલિક મતદાર તરીકેની નોંધણી કરાવવાની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવા માટે અમરેલી, વડીયા અને કુંકાવાવ પ્રાંત અધિકારીશ્રીને સૂચન કર્યુ હતુ.

તેમણે કહ્યુ કે, મતદાન મથકો પર મતદાન પ્રક્રિયા સરળતાથી થઈ શકે તે માટે પાણી, ઓ.આર.એસ.નો જથ્થો તેમજ દિવ્યાંગો માટે વ્હીલચેર સહિતની પ્રાથમિક સુવિધાઓ માટે વ્યવસ્થા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવશે. જે વરિષ્ઠ મતદારોની ઉંમર ૮૫ વર્ષથી વધુ છે તેમના માટે ઘરેથી પોસ્ટલ બેલેટ દ્વારા પણ મતદાન થઈ શકે તે માટે પ્રક્રિયાઓ પણ ચૂંટણી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. મતદાન જાગૃત્તિ અંગે ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી ફિલ્મનું નિદર્શન પણ આ કાર્યક્રમમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને યુવા મતદારોએ મતદાન માટેના શપથ લીધા હત. આ તકે મતદાન જાગૃત્તિ સિગ્નેચર કેમ્પેઈન પણ યોજાયું હતું.

કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કોટક અમરેલી, વડીયા અને કુંકાવાવ પ્રાંત અધિકારીશ્રી નાકીયા, અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગોહિલે મતદાન જાગૃતિ અંગે માહિતી આપી વિદ્યાર્થિનિઓને ચૂંટણીલક્ષી બાબતોનું માર્ગદર્શન અને મતદાન માટે પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના નિયામકશ્રી, આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વિદ્યાર્થિનિઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# બોરવાવ ખાતે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી થઈ



ઉના : ગીર સોમનાથના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બોરવાવ સ્ટાફ અને પ્લાન ઈન્ટરનેશનલ, સેલ્ફ કેર પ્રોજેક્ટ દ્વારા બોરવાવ ખાતે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગર્ભવતી મહિલાઓ, બાળકો તથા તમામ લોકોએ ડાયેરિયા અને ન્યુમોનિયાથી બચવા માટે સ્વચ્છતા રાખવા તેમજ સેલ્ફ કેર પ્રોજેક્ટ દ્વારા આરોગ્ય વિષયક જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

નોંધનીય છે કે, વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણીની આ વર્ષની થીમ "મારૂ સ્વાસ્થ્ય મારો અધિકાર"છે. આ કાર્યક્રમમાં ડો.સિધ્ધાર્થ ફાટક દ્વારા લોકોએ પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન કઈ રીતે રાખવું તેની ઊંડી સમજ આપવામાં આવી હતી. ઉપરાંત ૨૫ શોર્ટ ફિલ્મના માધ્યમથી ૧૦૦૦ દિવસ, ન્યુમોનિયા તથા ડાયેરિયાના વીડિયો બતાવી ઘરની આસપાસ સ્વચ્છતા રાખી ખુદ સુરક્ષિત રહો અને બાળકોને પણ સુરક્ષિત રાખોની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત સ્થળ પર સ્ટોલમાં શાકભાજી અને ફળનુ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. જેમાં ન્યુટ્રીમેનિયા કાર્ડ દ્વારા ક્યા શાકભાજી અને ફળમાં કેટલા પ્રમાણમાં પ્રોટિન, વિટામિન, કેલ્શિયમ, ઉર્જા વગેરે મળે છે તે અંગે સમજ આપવામાં આવી હતી. અને આશા વર્કર દ્વારા હાથ ધોવાની સાચી રીત સમજાવવામાં આવી હતી.સેલ્ફ કેર પ્રોજેક્ટની કમ્યુનિટી હેલ્થ વર્કર હેતલ મકવાણા અને અલ્ફિજા બાજરાની દ્વારા ડિહાઈડ્રેશન કઈ રીતે થાય છે? તેમજ ડિહાઈડ્રેશનની તકલીફો વિશે સમજ આપવામાં આવી હતી. ડિહાઈડ્રેશનની તકલીફ નિવારવા વધુ પાણી, ઓ.આર.એસ.ના ઘોલવાળું પાણી પીતા રહેવાની સમજ આપવામાં આવી હતી. વધુમાં પ્લાન ઈન્ટરનેશનલ વતી સેલ્ફ કેર પ્રોજેક્ટના બ્લોક ઓફિસર દ્વારા સેલ્ફ કેર પ્રોજેક્ટ, પ્લાન ઈન્ટરનેશનલ, સેલ્ફ કેર પ્રોજેક્ટની કામગીરી વિશે માહિતગાર કરાયા હતાં.ઉલ્લેખનીય છે કે, પ્લાન ઈન્ટરનેશનલ દ્વારા જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી સેલ્ફ કેર પ્રોજેક્ટ દ્વારા ગીર સોમનાથ જિલ્લાના ૩૫ ગામોમાં ડાયેરીયા અને ન્યૂમોનિયાનું કાર્ય કરવામાં આવશે. આ તકે, મેડિકલ ઓફિસર ડો. વૈભવ તલાવિયા, ફીમેલ હેલ્થ સુપરવાઈઝર એસ. એમ. નેસડીયા, કમ્યુનિટી હેલ્થ ઓફીસર વર્ષા કેશવાલા, મલ્ટીપર્પઝ સુપરવાઈઝર કેતન કોટડીયા, ફિમેલ હેલ્થ વર્કર કે. એ.ફુમકિયા તથા પ્લાન દેવ ચારીયા (બ્લોક ઓફિસર, ગીર સોમનાથ) અને કમ્યુનિટી હેલ્થ વર્કર સહિતના લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# સાવરકુંડલાની ૧૫૦ વર્ષ જૂની ગૌશાળા હવે પ્રગતિના પંથે



સાવરકુંડલા:

સાવરકુંડલાની ૧૫૦ વર્ષ જુની ગૌશાળા એટલે કુંડલા ગૌશાળા જેનુ સંચાલન શ્રી વિધાગુરૂ ફાઉન્ડેશન કરે છે. સંસ્થા નીચે ૧૩૦ વિઘા ખેતીની જમીન આવેલી છે. ગૌશાળામાં ૭૦૦ થી વધુ ગાયનો નિભાવ થાય છે. હાલ તેની દેખરેખ ડૉ.પ્રકાશ કટારીયા કરી રહ્યા છે. સંસ્થાના પ્રમુખ હરેશભાઈ મહેતાની સૂચના અને માર્ગદર્શનથી વાડીમાં ઘાસચારો જેમ કે મકાઈ જુવાર રચકો વગેરેનુ વાવેતર કરવામાં આવે છે.જેથી ગાય માટે વેચાતો લીલો ઘાસચારો લેવો ન પડે. આગાઉ દરવર્ષે લગભગ ૭૦ થી ૮૦ લાખનો લીલો ઘાસચારો લેવો પડતો હતો. સંસ્થાના ખર્ચા ઘટે તે માટે ટેકટરની ખરીદી કરેલ આજરોજ નવુ ટેકટર આવતા માનવમંદિર પૂજય ભક્તિરામ બાપુના વરદહસ્તે તિલક ચાંદલા કરેલ. પૂજય ભક્તિરામબાપુએ ડૉ.પ્રકાશ કટારિયાની આગવી સુઝબુઝ અને આવડતથી સંસ્થાને લાખો રૂપિયાનો ફાયદો કરાવવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ.પ્રકાશ કટારિયા નિશુલ્ક હોસ્પીટલ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના એડમીન છે. હોસ્પિટલનુ મેનેજમેન્ટ પણ ખૂબ બાહોશીથી કરી રહ્યા છે. એકદમ સરળ અને નિખાલસ સ્વભાવ ધરાવતા ડો. પ્રકાશ કટારિયાની સૂઝબૂઝની ચોમેર પ્રશંસા થઈ રહી છે.

# રામ મંદિર ખાતે મતદાર જાગૃતિ માટેના 'અવસર રથ'નું નિરીક્ષણ કરતાં ગીર સોમનાથ કલેક્ટર

## ૧૦ મિનિટ દેશ માટે, લોકસભા ચૂંટણીમાં મતદાન માટે આપીને લોકશાહીના અવસરને દીપાવીએ: કલેક્ટર



ગીર સોમનાથ:

ગીર સોમનાથ જિલ્લામાં જે વિસ્તારમાં પુરુષો અને મહિલાઓના મતદાનની ટકાવારીમાં ૧૦% થી વધુ તફાવત હોય તેવા સ્થળોએ મતદાર જાગૃતિ કામગીરી અંતર્ગત જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી દિગ્વિજયસિંહ જાડેજાની સૂચનાથી 'અવસર રથ' ફેરવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી શ્રી સોમનાથ ટ્રસ્ટના સહયોગથી સંસ્કાર ભારતી, ગુજરાત પ્રાંત દ્વારા આયોજિત પ્રભાસોત્સવ-૨૪ના કાર્યક્રમમાં સાંજે સહભાગી થવા આવેલા કલેકટરશ્રીએ આ 'અવસર રથ'નું રામ મંદિર પ્રાંગણમાં નિરીક્ષણ કર્યું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ ૧૦ મિનિટ દેશ માટે, લોકસભા ચૂંટણીમાં મતદાન માટે આપીને લોકશાહીના અવસરને દીપાવવા માટે અપીલ કરતાં જણાવ્યું હતું કે, નારી શક્તિ પણ લોકશાહીના આ અવસર નિમિત્તે બહાર આવી મતદાન કરે.

તેમણે જણાવ્યું હતું કે, લોકોમાં મતદાન જાગૃતિ માટે 'અવસર રથ' જિલ્લાના વિવિધ ગામોમાં ફરીને મતદાન અંગેની જાગૃતિ ફેલાવશે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોમાનો એક આ વધુ પ્રયાસ છે.

ઉલ્લેખનીય છે કે, 'અવસર રથ'માં સાઉન્ડ સિસ્ટમ સાથે મતદાન જાગૃતિ માટે વિવિધ સ્લોગન, જોડકણાં સાથેની સંગીતમય પ્રસ્તુતિ દ્વારા લોક જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ સાથે, પ્રભાસોત્સવ કાર્યક્રમમાં સહભાગી થવા આવેલા કલાકારો દ્વારા લોકોને મતદાર જાગૃતિ માટેનો સંદેશો લોક નૃત્યના માધ્યમથી આપવામાં આવ્યો હતો.

અવસર રથના આ નિરીક્ષણ અવસરે નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલ, પ્રાંત અધિકારી શ્રી વિનોદ જોશી, આર એન્ડ બીના કાર્યપાલક ઈજનેર શ્રી સુનિલ મકવાણા, મામલતદાર (ગ્રામ્ય) શ્રી આરઝુ ગજ્જર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર ખાતે બ્રહ્મ સમાજની મિટિંગનુ આયોજન કરવામાં આવ્યું



કૈલૈશ ભટ્ટ ઉના:

જેમાં સોમનાથ જિલ્લા પ્રમુખ તુષારભાઈ ભાઈ પંડ્યા તેમજ કોડીનાર ઊના તાલાલા સુત્રાપાડા વેરાવળ અને ગઢડા તાલુકાના પ્રમુખ ઉપર પ્રમુખ મંત્રી સહમંત્રી અને તમામ કારોબારી ના સભ્ય હાજર રહ્યા હતા અને સંગઠનોના વિવિધ મુદ્દાઓ પર સરચા વિચારણાઓ કરવામાં આવી હતી જેમાં સોમનાથ જિલ્લાના કર્મકાંડી ભુદેવોને એકઠાં કરીને એમને મદદ રૂપ થવું અને એમની એક કમીટી બનાવી જેના અધ્યક્ષ સ્થાને ઉના ના ભુત પુર્વ ઉપ પ્રમુખ ચંદ્રેશભાઈ જોષી (રાધે ભાઈ) ને સોપવામાં આવી હતી તેમજ એક કર્મચારી મહામંડળ બનાવાય તે પણ નક્કી કરવામાં આવ્યું હતું તેમજ જીલ્લામાં એક સમાધાન પંચ ની પણ રચના કરવામાં આવી હતી તેમજ હાલ મા આગામી ચૂંટણી આવી રહી છે ત્યારે સમાજે શું કરવું જોઈએ અને સમાજમાં એકતા જળવાઈ રહે આ નીમીતે વેરાવળ ના બ્રહ્મ અગ્રણી મિલન ભાઈ જોષી હેમલભાઈ ભટ્ટ સુજાલ ભાઈ પાઠક દિગનભાઈ દવે તેમજ ઉનાથી કિશન ભાઈ મહેતા મયંકભાઇ જોશી તાલાળા થી રાજુભાઈ વ્યાસ મહેશભાઈ સુત્રાપાડાથી હર્ષદભાઈ જોશી વિશાલભાઈ જાની નિમેષભાઈ પંડ્યા વેગેરે બ્રહ્મ અગ્રણી ઓ હાજર રહ્યા હતા

# મહાન ક્રાંતિકારી,વ્યક્તિ નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ: ડો. કેશવરાવ બલિરામ હેડગેવાર



ચૈત્ર સુદ એકમ, ગુડી પડવો, તા. ૯-૪-૨૦૨૪ મંગળવાર જન્મદિવસ

આપણા દેશમાં કાલગણના માટે ઘણી પદ્ઘતીઓ છે. પરંતુ આ પદ્ઘતી ઈ.સ.પહેલાની વૈદીક કાલગણના મુજબની ખુબ જ પ્રાચીન પદ્ધતિ છે. આજના દિવસે બ્રહ્માજીએ સૃષ્ટીનું નિર્માણ કરેલુ. સમ્રાટ વિક્રમાદિત્ય દ્વારા વિક્રમી સંવતનો શુભારંભ, મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામનો રાજ્યાભિષેક, દશાવતારમાં મત્સ્ય અવતાર અવતરણ,આ દિવસે સ્વામી દયાનંદ સરસ્વતી દ્વારા આર્યસમાજની સ્થાપના થઈ. નવરાત્રીનો પ્રારંભ (શક્તિની આરાધના) તથા ભગવાન ઝૂલેલાલ નો જન્મ દિવસ જેવા દિવસો છે. આજ દિવસે નાગપુરમાં એક મહાન દેશભકત ડૉ. કેશવરાવ બલીરામ હેડગેવારનો જન્મ થયેલ. જેમણે વિશ્વનું સૌથી મોટું દેશભકત સંગઠન એવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરેલ. આ મહાન દેશભકત વિશે થોડું જાણીએ.

માટીમાંથી મર્દોનું સર્જન કરનાર એવા મહાન ક્રાંતિકારી,ડૉ. કેશવરાવ બલીરામ હેડગેવાર જે મહાપુરુષની પ્રેરણા અને જ્ઞાનને લીધે આપણને કાર્ય કરવાની પ્રેરણા જાગૃત થાય છે, કે જેમને આજે વર્ષો બાદ પણ આજે યાદ કરીએ છીએ તે દેશભકત વિશે જાણીએ.

જેમનો જન્મ ચૈત્ર સુદી એકમ-ગુડીપડવો વર્ષ પ્રતિપદા ૧, એપ્રિલ ૧૮૮૯ના રોજ થયો હતો. ફકત બાર વર્ષની ઉંમરે માતા રેવતીબાઈ અને પિતા બલીરામજીનું હૃદયદ્રાવક અવસાન થયું. કાકા આબાજી હેડગેવારની છત્રછાયામાં બાળપણ વિતાવ્યું. છત્રપતિ શિવાજી મહારાજની વાર્તાઓમાંથી સ્ફૂર્તિ પ્રાપ્ત કરી.

નાનપણથી જ દેશભકિતની દાજ : સીતાબરડી કિલ્લા ઉપરથી યુનિયન જેક ઉતારી ભગવો ધ્વજ ફરકાવવાની યોજના. નાનપણ સ્કૂલ માં, વંદે માતરમ્ આંદોલનની શરૂઆત કરી. આખી હાઈસ્કુલમાં જરૂરી સફળતા. બંને નિવાસીય હાઈસ્કુલમાંથી બરતરફી થઈ. ત્યારબાદ યવતમાળ અને પૂનામાં શિક્ષણ પુરું કર્યા બાદ ૧૯૧૦માં કલકત્તામાં દાકતરીનો અભ્યાસ શરૂ કર્યો. આમ બંગાળ એટલે આખા ભારતનું ક્રાંતીકારી ઘર. આમ ચાલુ અભ્યાસે બંગાળી જીવન સાથે સમરસતા કેળવી લીધી. મહાન ક્રાંતીકારીઓ શ્રી શ્યામસુંદર ચક્રવર્તી, શ્રી મોતીલાલ ઘોષ, 'અમૃત બઝાર પત્રીકા' ના સંપાદક અને તે સમયના ક્રાંતિકારી નેતાઓ સાથે ગાઢ પરિચય અને આ ક્રાંતિકારી વડે દેશભકિતના કામમાં જોડાણા. આ ક્રાંતિકારીઓ થી છુપી પોલીસ પણ થાકી જતા. ૧૯૧૪ માં એલ.એમ.એસ. ની પરીક્ષા પાસ કરી. બાદ એક વર્ષ સુધી કલકત્તામાં જ નિવાસ કરીને રહ્યા. ૧૯૧૬ માં નાગપુર પાછા ફરવું. નોકરી કે નિર્વાહની ચિંતા. ૧૦ વર્ષનો મંથનકાળ, કોંગ્રેસ, હિંદુ મહાસભા તેમજ ક્રાંતીકારી દળો સાથે સામાજીક આંદોલનમાં પુરા જોશથી કાર્ય કર્યું. તેમના મનમાં સતત એક પ્રશ્ન ઊઠતો હતો કે દેશ ગુલામ કેમ બન્યો? નાગપુરમાં અસહયોગ સપ્તાહ ઉજવવા માટે નિમાયેલી સમિતિના મંત્રીઓમાં ડૉકટરજી પણ હતા.

૧૯૨૦ના કોંગ્રેસના નાગપુર અધિવેશન વેળાએ ડૉકટરજી કોંગ્રેસ સ્વયંસેવક દળ ના પ્રમુખ હતા. બહુ ઓછા લોકોને એ વાતની ખબર હશે કે આ અધિવેશનમાં ''લોકતંત્ર ની સ્થાપના અને દુનિયાના તમામ દેશોની પૂંજીવાદી શિકતઅદથી મુકિત''ની માંગણીના ઠરાવના જનક ''નાગપુર નેશનલ યુનિયન''ના ડૉકટર હેડગેવાર જ હતા.

બાદ ૧૯૨૧ માં અસહકાર આંદોલનમાં પહેલા કારાવાસ કર્યા બાદ તમામ દેશભક્તિના આંદોલનમાં અને હિંદુ સમાજમાં શું ત્રુટી છે તે અંગેનું મનન કરી.

ઈ.સ. ૧૯૨૫માં વિજયાદશમીના શુભ દિવસે નાગપુર ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરી. ફકત વાતો નહીં પણ વ્યક્તિ નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ ના સ્પષ્ટ વિચાર સાથે કોઈપણ કાર્યની શરૂઆત પોતાનાથી કરતા. અને એકવાર અમરાવતી નાગપુર રોડ પરેડ માટે આડગાંવથી ૩૫ માઈલ પગે ચાલીને ગયા.

૧૯૩૦માં સત્યાગ્રહમાં અકોલા જેલમાં કારાવાસ. બે વર્ષ કારાવાસમાં ફકત દેશભક્તિ, સંઘની ચિંતા. આમ સંઘની શકિત વધતી ગઈ. ૧૯૩૨ અને ૩૪ માં મધ્યપ્રાંત સરકારે એક સરકારી પત્રક દ્વારા સંઘની ઉપર કરેલા આક્ષેપો અને તેનું યોગ્ય ખંડન કર્યું. દારિદ્રય પરવા કર્યા વગર કાર્યમાં અગ્રેસર રહેવાની વૃત્તિ, તન, મન, ધનથી સેવા કરવાની. આમ પોતાના દેશભક્તિ કાર્યમાં શ્રેષ્ઠ ચરિત્ર રહ્યું હતું. શત્રુ પણ તેમને આંગળી ચીંધી ન શકે. 'લાંબુ જીવવાની મને ઈચ્છા નથી. મારું કાર્ય એ જ મારું જીવન છે.'૧૯૩૯માં સખત પરીશ્રમને હિસાબે બિમાર પડયા. ૨૦ જુન, ૧૯૪૦ના રોજ મૃત્યુ પહેલાના દિવસે સંઘ કાર્યની જવાબદારી મા. શ્રી ગુરૂજીને સોંપી અને આવા ઋષિતુલ્ય દેશભકતે ૨૧ જુન, ૧૯૪૦ના દિવસ નાગપુરમાં અવસાન પામ્યા.

# વીંછિયા પોલીસે ગેરકાયદે ભૂંડની હેરાફેરી પકડી ૧૪૭ ભૂંડ રાખીને પોતાની સંસ્થાની જગ્યામાં રાખ્યા હોવાનું કહી દાન મેળવવાના પ્રયાસ કરાયાની ઘટના બહાર આવી!

રાજકોટ:ઢોર ડબ્બામાં પશુઓ સાચવવા માટે મનપાએ રાજેન્દ્ર શાહ સંચાલિત જીવદયા ઘર નામની સંસ્થાને કોન્ટ્રાક્ટ આપ્યો છે આ સિવાય કોઈપણ પશુને ઢોર ડબ્બે લઈ આવવા કે લઈ જવાની સત્તા માત્ર મનપા પાસે છે સંસ્થા પોતાની રીતે નિર્ણય લઈ શકે નહીં. રવિવારે જીવદયા ઘરે એવો મેસેજ વહેતો કર્યો હતો કે વીંછિયા પોલીસે ગેરકાયદે ભૂંડની હેરાફેરી પકડી પાડી છે જેની બાતમી પણ તેઓએ જ આપી હતી. તેઓ આ ટ્રક રાજકોટ લઈ આવ્યા હતા અને આજી ડેમ સ્થિત પંખી ઘરની જગ્યા કે તે સંસ્થા પાસે છે ત્યાં રાખી હાલ નિભાવ કરી રહ્યા છે અને દરરોજ સવા લાખ જેટલો ખર્ચ થઈ રહ્યો છે. આ રેસ્ક્યૂમાં મનપાના અધિકારી ડો. જાકાસણિયા, ફાયર બ્રિગેડનો સ્ટાફ પણ સહયોગ આપે છે. તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે આ ભૂંડ આજી ડેમ નહિ પણ ખરેખર મનપાના ઢોર ડબ્બાના ઘાસના ગોડાઉનમાં લઈ જવાયા છે. ઢોર ડબ્બે મંજૂરી વગર પશુઓ ન લઈ જઈ શકાય તે બાબત તે જાણતા હોવાથી જૂઠાણું ચલાવ્યું હતું કે, આજી ડેમ પર ભૂંડ રાખ્યા છે.આ જૂઠાણા મામલે રાજેન્દ્ર શાહે બચાવ કર્યો હતો કે, રાત્રે ભૂંડને લઈ આવ્યા હતા અને બીજી જગ્યા ન મળતા ત્યાં રાખ્યા છે અને ઝડપથી શિફ્ટ કરવાના છે એટલે અત્યારથી જ આજી ડેમનું સરનામું લખ્યું છે. જયારે ઢોર ડબ્બો જે શાખામાં આવે છે તે એએનસીડી શાખાના અધિકારી ડો.જાકાસણિયાએ કહ્યું હતું કે, પૂર્વ મંજૂરી લેવાઈ નથી અમને ખબર પડી કે તેઓએ ભૂંડ રાખ્યા છે ત્યારે તપાસ કરતા તેઓએ કહ્યું હતું કે, રેસ્ક્યૂ કરાયા છે અને જગ્યા ન મળતા અહીં લાવ્યા છે.જીવદયા ઘરના રાજેન્દ્ર શાહ અને તેમના પુત્ર યશ શાહને ૩ દિવસથી ખબર હતી કે ભૂંડની હેરાફેરી થઈ રહી છે અને તે ટ્રક ક્યા પહોંચવાની છે. જેથી તેમની પાસે ભૂંડ ક્યા રાખવા તેની વ્યવસ્થા કરવાનો સમય હતો પણ તેઓએ કરી નહિ કારણ કે ઢોર ડબ્બામાં સીધા અન્ય તાલુકા કે શહેરના પશુ લાવી શકાતા નથી ઉચ્ચ કક્ષાની મંજૂરી જોઈએ. આ ભૂંડ વીડી વિસ્તારમાં રખડતા જંગલી હતા તેથી મનપાની ઢોર પકડ પોલિસીનો પણ સરેઆમ ભંગ થયો છે.

# ચૂંટણીલક્ષી વિવિધ ૨૪ ફરિયાદોનો ત્વરિત ઉકેલ લાવતું જિલ્લા ચૂંટણી તંત્ર

ઉના:ગીર સોમનાથ, તા.૦૮: જિલ્લામાં પારદર્શી વાતાવરણમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના નેતૃત્વમાં વિવિધ ચૂંટણીલક્ષી કામગીરીઓ ચાલી રહી છે. જેમાં આદર્શ આચારસંહિતાને લગતી ફરિયાદોના નિવારણ માટે તંત્ર સુદ્રઢ કામગીરી કરી રહ્યું છે. જિલ્લામાં ૧૬મી માર્ચથી લઈ અત્યાર સુધીમાં આચારસંહિતાના ભંગને લગતી ૨૪ ફરિયાદો આવી છે. જેનો ચૂંટણી તંત્ર દ્વારા સમયસર નિકાલ કરવામાં આવ્યો છે.ગીર સોમનાથ જિલ્લામાં એમ.સી.સી. ફરિયાદ નિવારણ ટોલ ફ્રી નંબર પર ૦૪ ફરિયાદો મળી હતી. જેનો સત્વરે નિકાલ કરી દેવાયો હતો. જ્યારે સી-વિજિલ પર સૌથી વધુ ૨૦ ફરિયાદો મળી હતી. આમ, વિવિધ પ્લેટફોર્મ પર અત્યાર સુધીમાં કુલ ૨૪ ફરિયાદો મળી હતી. આ તમામ ફરિયાદોનો સત્વરે નિકાલ કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, જૂનાગઢ લોકસભા સામાન્ય ચૂંટણી માટે ગીર સોમનાથ જિલ્લામાં વિવિધ પ્રકારની ફરિયાદોના નિવારણ માટે નોડલ અધિકારીશ્રી હેલ્પલાઈન તથા ફરીયાદ નિવારણ તરીકે શ્રી એ.પી.કલસરીયાની નિમણૂક કરવામાં આવી છે.હેલ્પલાઈન તથા ફરિયાદ નિવારણ કામગીરી અંતર્ગત સમગ્ર ચૂંટણી સમયગાળા દરમિયાન જિલ્લા કક્ષાએ ૨૪ કલાક કંટ્રોલ રૂમ કાર્યરત છે. જેમાં સી-વીજીલ પોર્ટલ, એન.જી.એસ.પી પોર્ટલ તથા ટોલ ફ્રી નંબર ૧૯૫૦ અને ૧૮૦૦ ૨૩૩ ૩૬૨૭ પર લોકો ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આચાર સંહિતાની અમલવારી બાબતે તેમજ ગેરકાયદેસર કેફી પદાર્થોની હેર-ફેર, નિયત મર્યાદાથી વધુ રોકડ રકમ વગેરે જેવી ચૂંટણીલક્ષી વિવિધ બાબતોની ફરિયાદો રજૂ કરી શકે છે

# એકલિંગેશ્વર દાદાનો પાટોત્સવ યોજાયો



સાવરકુંડલા:શ્રી સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ વીજપડી વિસ્તાર તેમજ આજુબાજુના અન્ય વિસ્તારોમાંથી બ્રહ્મસમાજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા આ સમયે શ્રી સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા જ્ઞાતિના પ્રમુખ જનકભાઈ ઉપસ્થિત રહ્યા હતા તેનું સન્માન પુષ્પગુચ્છ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ જ્ઞાતિની વાડી માટે બીપીનભાઈ વીજપડી તેમજ ગીરીશભાઈ મેરીયાણા એ દાન આપેલ જે બદલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ એકલિંગેશ્વર દાદાના પાટોત્સવના મુખ્ય યજમાન જયંતભાઈ દુર્લભજીભાઈ ઉપાધ્યાય સરેરાના નિવાસ્થાને યોજવામાં આવેલ હતો જેમાં શાસ્ત્રી શૈલેષદાદા તેમજ કિરીટદાદા તેમજ અન્ય શાસ્ત્રીઓ દ્વારા વેદોક્ત રીતે પાટોત્સવની વિધિ પરિપૂર્ણ કરવામાં આવી ત્યારબાદ તમામ જ્ઞાતિબંધુઓએ સાથે પ્રસાદ લીધેલ હતો આ પાટોત્સવમાં પ્રમુખશ્રી ભરતભાઈ ત્રિવેદી તેમજ નીતિનભાઈ વ્યાસ દ્વારા પ્રાસંગિક આભારવિધિ કરવામાં આવી હતી એમ અનિરુદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું

# રાજકોટ મનપાએ લીધેલા શુધ્ધા ઘી માં હળદરની ભેળસેળ ખુલ્લી : નમૂના નાપાસ

## મસાલા માર્કેટમાં ફૂડ શાખાના દરોડા યથાવતઃ વધુ ૨૬ નમૂના લેવાયા : ૬ કિલો અખાદ્ય ચીજોનો નાશ

રાજકોટ,

રાજકોટ શહેરીજનોનો આરોગ્યિ ખાદ્યચીજો મળી રહે તે હેતુથી જનાતાર્થે મનપાની ફુડ શાખા દ્વારા વિવિધ વિસ્તોારમાં ખાદ્ય પદાર્થોના ધંધાર્થીને ત્યાંથ ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. દરમિયાન તાજેતરમાં રણછોડનગર તથા મવડી પ્લોરટ વિસ્તાતરમાંથી લેવાયેલ શુધ્ધા ઘીમાં હળદરની હાજરી જોવામાં મળતા બન્ને નમૂના નાપાસ થયા છે. જયારે રામાપીર ચોકડી વિસ્તા રમાંથી ૬ કિલો અખાદ્ય ચીજોનો નાશ કરાયો છે. તેમજ વિવિધ મસાલાના ૨૬ નમૂના લેવાયા છે.



આ અંગે મનપાની ફુડ શાખા દ્વારા કરવામાં આવેલ કામગીરી જોતાં નમુના નાપાસ ફૂડ વિભાગ દ્વારા મહેશ કુંજ‘, રણછોડનગર -૫ કોર્નર, વેકરીયા રોડ, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ શુધ્ધં ઘી(લુઝ)‘ નો નમૂનો તપાસ બાદ પુથ્થાકરણ રિપોર્ટમાં ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ), તીલ ઓઇલ તથા હળદર ની હાજરી મળી આવતા નમૂનો સબસ્ટાન્ડેર્ડ જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.જયારે ‘ક્રિષ્નાી ડેરી ફાર્મ’, અંકુરનગર મે. રોડ, મવડી પ્લો ટ, રાજકોટની પેઢીમાંથી માલવિયા પોલીસ સ્ટેશન દ્વારા જપ્ત કરાયેલ ઘી ના જથ્થાૂમાંથી લેવામાં આવેલ ખાદ્યચીજ શુધ્ધ ઘી(લુઝ)નો નમૂનો તપાસ બાદ પુથ્થશકરણ રિપોર્ટમાં ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ) તથા હળદર ની હાજરી મળી આવતા નમૂનો સબસ્ટા્ન્ડરર્ડ જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

સર્વેલન્સથ ચેકિંગ દરમિયાન શ્રી લક્ષ્મી રેસ્ટો.રેન્ટ , રામાપીર ચોકડી, રાજકોટની તપાસ કરતાં સ્થોળ પર સંગ્રહ કરેલ પ્રિપેર્ડ ફૂડ વાસી અખાદ્ય જણાતા કુલ ૦૬ કિ.ગ્રા. જથ્થોી સ્થ ળ પર નાશ કરવામાં આવેલ તેમજ સ્ટો રેજ અને હાઈજેનિક કન્ડિતશન જાળવવા બાબતે તથા લાયસન્સન બાબતે નોટિસ આપવામાં આવેલ.

## પોલીસ સમાચાર

### રાજકોટના નાકરાવાડીના ચોરાઉ બાઇક સાથે એક પકડાયો





રાજકોટ,

રાજકોટના કુવાડવા પોલીસની ટીમે નાકરાવાડીના બસ સ્ટે?શન પાસેથી એક શખ્સોને ચોરાઉ બાઈક સાથે પકડી લીધો છે. યશવંતસિંહ ઉર્ફ હસુ પદમસિંહ હેરમા (ઉ.વ.૪૨)ને હેડકોન્સા. અરવિંદભાઇ મકવાણા, કોન્સ . જયદિપભાઇ ધોળકીયાની બાતમી પરથી પકડી લેવાયો હતો. પુછતાછમાં તેણે જીજે૦૩સીએમ-૬૯૧૮ નંબરનું બાઈક કુવાડવા રોડ અલ્કા પાર્કમાંથી ચોરી કર્યાનું કબુલતાં બી-ડિવીઝન પોલીસનો ગુનો ઉકેલાયો હતો. આ શખ્સા છુટક મજૂરી કરે છે. અગાઉ તે બી-ડિવીઝન, પ્ર.નગર, રેલ્વેઇ પોલીસમાં અલગ અલગ છ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુકયો છે. સીપી, જેસીપી, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી આર. એસ. બારીયાની રાહબરીમાં પીઆઇ વી.આર. રાઠોડ, પીએસઆઇ એમ. જે. વરૂ, એએસઆઇ મોહિતભાઇ કુંભારવાડીયા, હેડકોન્સ . અરવિંદભાઇ, વિક્રમભાઇ, ધર્મેન્દ્ર સિંહ, કોન્સ . જયદિપભાઇ, જયપાલભાઇ, સંજયભાઇ, ભાવેશભાઇ, ધર્મરાજસિંહે આ કામગીરી કરી હતી.

### જસદણમાં મકાનમાંથી ૧.૨૩ લાખના વિદેશી દારૂના જથ્થાા સાથે એક પકડાયો

રાજકોટ,

જસદણ પોલીસે રહેણાંક મકાનમાં રેઇડ કરી ૧.૨૭ લાખના વિદેશી દારુના જથ્થાએ સાથે એક શખ્સાને ઝડપી લીધો હતો. જયારે દારુ મંગાવનાર શખ્સરની શોધખોળ હાથધરાઇ છે.

જસદણ આદમજી રોડ ઉપર આવેલ મકાનમાં દારૂનો જથ્થોશ ઉતર્યો હોવાની બાતમી મળતા જસદણના પી.આઇ. ટી.બી. જાની તથા સ્ટીફે રેઇડ કરી વિદેશી દારૂની બોટલો નંગ ૧૫૨ તથા ચપલા નંગ ૬૧૭ મળી કુલ ૧.૨૩ લાખના જથ્થાી સાથે રસીક નારણભાઇ ઝાપડીયા રે.કલોરાણા તા.બાબરાને ઝડપી લીધો હતો. પકડાયેલ રસીકે આ દારૂનો જથ્થોા રોહીત ઉર્ફે મુન્ના નંદાભાઇ રોજાસરા રે.આદમજી રોડ જસદણએ મંગાવ્યાપનું અને પોતે મકાન ભાડે રાખી દારૂનો જથ્થો છુપાવ્યોો હોવાની કબુલાત આપી હતી. જસદણ પોલીસે બન્ને સામે ગુન્હો દાખલ કરી રોહીત ઉર્ફે મુન્ના રોજાસરાની શોધખોળ હાથધરી છે.

### રાજકોટ ખોરાણામાં નદીના પટમાં તીનપતીનો જુગાર રમતા પાંચ શખ્સોક પકડાયા

રાજકોટ,

રાજકોટ ખોરાણા ગામ પાસે નદીના કાંઠે કુવાડવા રોડ પોલીસે બાતમીના આધારે દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા પાંચ શખ્સોીને પકડી લીધા હતા.

મળતી વિગત મુજબ ખોરાણા ગામ પાસે નદીના કાંઠા પાસે કેટલાક શખ્સોઆ જુગાર રમતા હોવાની કુવાડવા રોડ પોલી મથકના એ.એસ.આઇ. એમ.એમ. કુંભારવાડીયાને બાતમી મળતા સ્ટોાફ સાથે દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા ખોરાણાના ખીમજી રણછોડભાઇ સોલંકી, સણોસરાના યાસીજ અલીભાઇ સેરસીયા, રસુલ હાજીભાઇ કોંધીયા, ખોરાણાના નરેશ કાળુભાઇ જાખલીયા અને હિરા તેજાભાઇ સોલંકીને પકડી લઇ રૂા.૩૬,૯૦૦ ની રોકડ સહિતની મતા કબ્જો કરી હતી. આ કામગીરી એ.એસ.આઇ. એમ.એમ. કુંભારવડીયા, હેડકોન્સૂ.અરવીંદભાઇ મકવાણા, ધર્મેન્દ્ર સિંહ પરમાર, વિક્રમભાઇ ગરચર, જયપાલસિંહ રાળીયા, જયદીપભાઇ ધોળકીયા અને ધર્મરાજસિંહ રાણા દ્વારા કરવામાં આવી હતી.

### રાજકોટ જાહેરમાં કચરો ફેંકતા સફાઇ કામદાર દંડાયા

રાજકોટ,

રાજકોટ શહેરમા સફાઇ અંગે જાગૃતિ આવે અને શહેરને પ્લાસ્ટીવક મુકત કરવા,સફાઈ અંગેની ફરિયાદોનાં ઝડપી નિવારણ તેમજ લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે કમાન્ડિ એન્ડમ કંટ્રોલ સેન્ટઈર દ્વારા ન્યુીસન્સી પોઈન્ટ. ખાતે કચરો ફેંકતા તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા ૦૨ વ્યતક્તિ ઓને તેઓને ઈ-ચલણ દ્વારા દંડ કરવામાં આવેલ છે અને પ્રતિબંધિત પ્લોસ્ટીહક વાપરનારા?બે વેપારીઓને રૂપિયા ૨૦૦૦ દંડ તેમજ?ન્યુસન્સન પોઈન્ટં ખાતે કચરો ફેંકતા?બે સફાઈ કામદારને દંડ કરવામાં આવ્યોી હતો.ઉપરોક્ત કામગીરી મ્યુડનિ.?કમિશનર આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરના સુપરવિઝન હેઠળ,?કમાંડ એન્ડક કંટ્રોલ સેન્ટીરના?નોડલ ઓફિસર વત્સઆલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાખફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

# પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં બક્ષીપંચ સમાજ શ્રેષ્ઠીઓ ધ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો

## કારીગર વર્ગ આત્મનર્ભરિ બને તેવા શુભ આશયથી લોન્ચ કરાયેલી વિશ્વકર્મા કૌશલ્ય સહાય યોજનાના માધ્યમથી બક્ષીપંચ સમાજ આત્મનર્ભરિ બની રહયો છે : પરશોતમભાઈ રૂપાલા

રાજકોટ

પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, રાજયના પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નયનબેન પેઢડીયા, તેમજ કરણાભાઈ માલધારી, શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, કોર્પોરેટર નિલેશ જલુ , શહેર ભાજપ પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ સહિતના ઉપસ્થિત રહયા હતા.



આ કાર્યક્રમમાં ઉદબોધન કરતાં પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ કે દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે છેલ્લા દશ વર્ષ દેશને વિકાસની નવી ઉંચાઈ બક્ષી છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' ની પ્રેરણાથી વિવિધ લોકકલ્યાણકરી યોજનાઓનું અમલીકરણ કરીને નબળા વર્ગના લોકોની મુશ્કેલીઓ ઓછી કરીને તેમનું જીવનધોરણ સરળ અને સુવિધાયુકત બનાવ્યું છે.ખાસ કરીને કારીગર વર્ગ આત્મનર્ભરિ બને તેવા શુભ આશયથી ગત વર્ષે બક્ષીપંચ સમાજના સર્વાગિ વિકાસ માટે નરેન્દ્રભાઈ મોદી ધ્વારા 'વિશ્વકર્મા સહાય યોજના' લોન્ચ કરાઈ હતી. જેને ઓબીસી સમાજમાંથી વ્યાપક સમર્થન મળેલ. તેમણે આ તકે બક્ષીપંચ સમાજના વિવિધ આગેવાનોને આગામી લોકસભા ચૂંટણીમાં મોટી સંખ્યામાં ભાજપ તરફે મતદાન કરીને ભાજપને ત્રીજી ટર્મ માટે જંગી બહુમતીથી ચૂંટી કાઢવા અપિલ કરી હતી. આ તકે કર્ણાટકના પૂર્વ ગર્વનર વજુભાઈ વાળાએ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને અંત્યોદય કલ્યાણના વિચારોને લઈને મા ભારતીની સેવામાં સંપૂર્ણ સમર્પિત એવી ભારતીય જનતા પાર્ટી આગામી લોકસભા ચૂંટણીમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સતત ત્રીજી વખત જંગી બહુમતીથી વિજય પ્રાપ્ત કરશે તેવો નિર્ધાર વ્યકત કરતા નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા માટે પરશોતમભાઈ રૂપાલાને સમર્થન આપીને જંગી લીડથી ચૂંટી કાઢવા અનુરોધ કરેલ હતો. આ તકે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકારની વિવિધ સમાજ કલ્યાણની યોજનાઓ ની વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ બક્ષીપંચ સમાજ એક થઈ ભાજપના સમર્થનમાં બહોળી સંખ્યામાં મતદાન કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'નયા ભારત' ના સંકલ્પને ચરિતાર્થ કરવા હાકલ કરી હતી. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં પહેલા દશ ટકા અનામત હતી ત્યારે માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર ધ્વારા ઓબીસી સમાજને સવૈધાનિક દરજજો આપવામાં આવેલ અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર ધ્વારા ઓબીસી સમાજને ૨૭% અનામત આપવાનો નર્ણયિ જાહેર કરેલ ત્યારે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં બક્ષીપંચ સમાજનો આર્થિક ઉત્કર્ષની સાથોસાથ સર્વાગિ વિકાસ થયો છે. આ તકે કરણાભાઈ માલધારીએ પ્રેરક ઉદબોધન કરેલ હતું. આ કાર્યક્રમના પ્રારંભે મહેમાનોનું સ્વાગત ધારાશાસ્ત્રી તનસુખભાઈ ગોહેલએ કરેલ. આ કાર્યક્રમનું સંચાલન વોર્ડ–૧૪ના કોર્પોરેટર નિલેશ જલુએ કરેલ.

# રાજકોટ પડધરી પોલીસે વણપરી ચેકપોસ્ટ ઉપરથી દારૂ ભરેલ કાર ઝડપી લીધી

રાજકોટ,

રાજકોટના પડધરી પોલીસે વણપરી ચેક પોસ્ટત ઉપરથી ચેકીંગ દરમિયાન ૧.૧૩ લાખનો દારૂ ભરેલી કાર ઝડપી લઇ જામનગરના શખ્સીની ધરપકડ કરી હતી.જીલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ એ પ્રોહી. જૂગારની અસરકારક કામગીરી કરવા સુચના આપેલ હોય જે અન્વપયે પડધરી પોલીસ સ્ટેઠશનના પો. સબ. ઇ. જી. જે. ઝાલા તથા સર્વેલન્સા સ્ટા્ફ સાથે પેટ્રોલીંગમાં હોય ત્યાનરે વણપરી ચેક પો. ખાતે ખાનગી રાહે મળેલ હકિકત આધારે એક સફેદ કલરની આઇ. ટવેન્ટી ગાડી નં. જીજે-૦૩-એચએ-૯૨૨૯ વાળીમાં ભારતીય બનાવટની ઈગ્લી શ દારૂની





અલગ અલગ બોટલો ૭૫૦ એમ. એલ. ની કુલ બોટલો નંગ ૨૯૦ જેની કિ. રૂપિયા ૧,૧૩,૧૦૦ તથા આઇ. ટવેન્ટીર ગાડી રજી. નં. જીજે-૦૩-૯૨૨૯ ગાડી વાળીની કિ. રૂા. ૪,૦૦,૦૦૦ કુલ મુદામાલ કિંમત રૂા. ૫,૧૩,૧૦૦ મુદામાલ સાથે આરોપી સુનિલ જયસુખભાઇ મકવાણા ઉ.૩૦ ધંધો મંજુરી રહે. શીવશકિત સોસાયટી હાપા રેલ્વે સ્ટેશન વિસ્તાબર મયુર કલીનીક વાળી શેરી ખોડીયાર કૃપા મકાન તા. જી. જામનગરને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાજકોટ ગાંધી સ્મૃતિ સોસાયટીમાં યુવાન પર ધારીયા - પાઈપથી હુમલો : ફરિયાદ

રાજકોટ,

રાજકોટ ભગવતીપરા પાસે ગાંધી સ્મૃતિ સોસાયટીમાં જમવા બાબતે માતા સાથે શેરીમાં બોલાચાલી થતી હોઇ, તેથી બાજુમાં રહેતા બેભાઇએ ‘તું કેમ શેરીમાં રાડો પાડે છે ?’ કહી ધારીયા અને પાઇપથી માર મારતા ફરિયાદ થઇ છે.

મળતી વિગત મુજબ ભગવતીપરા પાસે ગાંધી સ્મૃએતિ સોસાયટી શેરી નં. ૧માં રહેતા જયેન્દ્રીભાઇ ભુપતભાઇ ડાંગર (ઉ.વ.૩૨) એ બી-ડીવીઝન પોલીસ મથકમાં સાજન બીજલભાઇ બરબસીયા અને તેનો ભાઇ કાળુ બીજલભાઇ બરબસીયા સામે ફરિયાદ નોંધાવી છે. જયેન્દ્ર ભાઇએ ફરિયાદમાં જણાવ્યુંય છે કે, પોતે છૂટક ટ્રક ડ્રાઇવીંગ કરે છે. પોતે માતા વિજયાબેન પિતા ભુપતભાઇ અને મોટાભાઇ ધવલભાઇ સાથે રહે છે. ગઇકાલે પોતે બહાર કામકાજ પૂર્ણ કરી ઘરે આવ્યાભ બાદ પોતે માતાને જમવાનું આપવા માટે કહેલ તેથી માતા વિજયાબેને પોતાને વધારેલી રોટલી આપી હતી. રોટલી ઠંડી થઇ ગઇ હોઇ, અને પોતે તડકાના હિસાબે થાકી ગયા હોઇ તેથી પોતે માતાને કહેલ કે ‘તમે આ ઠંડી વધારેલી રોટલી કેમ આપો છો?’ જેથી માતા વિજયાબેને કહેલ કે તારે ગરમ જમવું હોઇ તો તું સમયસર ઘરે આવતો જા આ બાબતે બંને વચ્ચોે ઘરની બહાર શેરીમાં રકઝક ચાલતી હોઇ તેથી બાજુમાં રહેતા સાજન અને તેનો ભાઇ કાળુ બંને આવી ગાળો આપી કહેલ કે ‘કેમ તું શેરીમાં રાડો પાડે છે ?’ જેથી પોતે કહેલ કે ‘હું મારી માતા સાથે વાતો કરૂં છું. તારે શું વાંધો છે.’ તેમ કહેતા બંને ભાઇઓ ગાળો આપવા લાગ્યા હતા અને ઉશ્કે રાઇ જઇ ધારીયુ તથા લોખંડના પાઇપથી હુમલો કરતા પોતાને માથાના ભાગે તથા આંખ પાસે તથા શરીરે ઇજા થઇ હતી. દેકારો બોલતા આસપાસના લોકો ભેગા થઇ જતાં બંને ભાઇઓ ભાગી ગયા હતા.

# રાજકોટની વોકહાર્ટ હોસ્પિટલ્સ દ્વારા મીડિયા મિત્રો માટે ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું

રાજકોટ:

વર્લ્ડ હેલ્થ ડે નિમિતે ૭મી એપ્રિલના રોજ વોકહાર્ટ હોસ્પિટલ્સ રાજકોટ દ્વારા મીડિયા મિત્રો અને તેમના પરિવારજનો માટે ખાસ નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજિત કેમ્પમાં ઈસીજી (ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ), એફબીએસ-ફાસ્ટિંગ બ્લડ સુગર, લિપિડ પ્રોફાઈલ, 2D ઈકો/ TMT, કાર્ડિયોલોજિસ્ટ કન્સલ્ટેશન વગેરે ચેકઅપ કરવામાં આવ્યા હતા. આ પહેલ દ્વારા, હોસ્પિટલે કૃતજ્ઞતાનો શક્તિશાળી સંદેશ મોકલીને





પત્રકારમિત્રો માટે ખાસ ચેકઅપ કેમ્પનું આયોજન કર્યું કે જેઓ સમાજનો મુખ્ય ભાગ છે. સવારે ૮ વાગ્યાથી શરૂ થયેલ આ ચેકઅપ કેમ્પમા વોકહાર્ટ હોપિટલ્સ, રાજકોટના સેન્ટર હેડ શ્રી મનીષ અગ્રવાલ સહિત સમગ્ર હોસ્પિટલ સ્ટાફ ખડેપગે રહ્યાં હતા. હેલ્થ ચેકઅપની સાથેસાથે ડૉ. વર્ષિત હાથી (કાર્ડિયોલોજિસ્ટ) અને ડૉ. શ્યામ કારિયા (ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ)નું ખાસ કન્સલ્ટિંગ સેશન પણ રાખવામાં આવ્યું હતું. અનુભવી ડોક્ટર્સની ટીમ દ્વારા તમામ પ્રકારના ચેક-અપ અદ્યતન સાધનો અને આધુનિક પદ્ધતિથી કરવામાં આવ્યા હતા.ઘણીવાર પત્રકારો પોતાની વ્યસ્તતાના કારણે સ્વાસ્થ્ય સબંધી સમસ્યાઓનો સામનો કરે છે અને જેના કારણે ક્રોનિક સ્ટ્રેસ, અપૂરતી ઊંઘ, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ વગેરે જેવા રોગ થવાની શક્યતાઓ વધી જાય છે. તેઓ ઘણી વાર ડિપ્રેશનથી પણ પીડાય છે. તેમની ઈમ્યુનિટી સિસ્ટમ પણ ખોરવાઈ શકે છે અને તેઓ પોતાના સ્વાસ્થ્ય માટે પૂરતો સમય આપી શકતા નથી. કામ અને અંગત જીવન વચ્ચે સંતુલન સાધવું એ ઘણું જરૂરી બની જાય છે , તેથી વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ તેમના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરવા માટે આગળ આવી છે.ફ્રી હેલ્થ ચેક- અપ અંગે વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટના સેન્ટર હેડ ડો. મનીષ અગ્રવાલે જણાવ્યું હતું કે, "પોતાના વ્યસ્ત સમયપત્રક માંથી સમય કાઢીને પત્રકાર મિત્રો તેમના પરિવારજન સાથે હેલ્થ ચેકઅપનો લાભ લઈ પોતાના સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવા અંગે પોતાનું ધ્યાન દોરી શકે છે. આ પ્રકારની પહેલ કોઈ એક વ્યક્તિને જ નહિ પરંતુ સમગ્ર સમાજના સ્વાસ્થ્ય પર અસર કરે છે. વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ ખાતે અમે હંમેશાથી દર્દીઓની સુખાકારી પાર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ કે જેથી સ્વસ્થ ભારત બનાવવામાં પોતાનું પૂરતું યોગદાન આપી શકીએ."

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## પ્રથમ તબક્કામાંના મતદાન માટે ભારે ઉત્સાહ

જેમ જેમ ચૂંટણીનો દિવસ નજીક આવતો જાય છે તે તેમ તેમ ઉમેદવારોનો ઉચ્ચા પણ વધતો જાય છે જે લોકોને ભાજપમાંથી ટિકિટ મળી છે તેઓનો આનંદ સાતમા આસમાન પણ પહોંચ્યો છે કારણ કે આ મત તેમના નામ પર નહીં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામ પર મળશે અને પોતાનો ભવ્ય વિજય થશે એવા સુંદર સપનાઓ તેઓ અત્યારથી જોવા લાગ્યા છે બીજી બાજુ છે ને ટિકિટ નથી મળી તેવા ઉમેદવારો નારાજ થયા છે તેઓ કોંગ્રેસમાં જઈ શકે તેમ નથી કારણ કે જ્યાં જવાથી હારી જવું પડે તેમ છે પણ જે ઉમેદવારો શક્તિશાળી છે સાધન સંપત્તિ સજ્જુ છે તે લોકો વિપક્ષ તરીકે પણ ચૂંટણી લડી અને જીતવાનો પ્રયાસ કરશે એ પણ એટલું જ સાચું છે ૧૯ મી એપ્રિલે પહેલા તબક્કાની ૧૦૨ બેઠક પર જંગ જામશે

લોકસભાની આ વખતની ચૂંટણી સાત તબક્કામાં યોજાવાની છે. આ વખતે ભાજપ અને તેની સામે ભારત એટલે કે ઈન્ડિ ગઠબંધન મેદાને પડેલું છે. આ વખતે ભાજપે અને વિપક્ષી ગઠબંધનને સાત કોઠા વિંધીને વિજયી થવાનો મોટો પડકાર છે. ભાજપે આ વખતની ચૂંટણીમાં પહેલાં તબક્કામાં વધારેમાં વધારે બેઠકો મેળવવી જ પડશે અને તો જ સત્તાનું પૂનરાવર્તન યોગ્ય રીતે થઈ શકશે. બીજી તરફ વિપક્ષે જો દબાણ વધારવું હશે તો પહેલા તબક્કામાં તેમણે પણ વધારેમાં વધારે બેઠકો મેળવવા સોગઠા ગોઠવવા પડશે. પહેલા તબક્કામાં જ્યાં મતદાન થવાનું છે તેવા રાજસ્થાન અને ઉત્તરાખંડ એવા રાજ્યો છે જ્યાં ૨૦૧૪ અને ૨૦૧૯માં ભાજપને ૧૦૦ ટકા બેઠકો મળી હતી. હવે ૨૦૨૪માં પણ આ બંને રાજ્યોમાં ૧૦૦ ટકા બેઠકોની હેટ્રિક મારવા માટે મહેનત કરવી પડશે. બીજી તરફ બે વખતથી આ રાજ્યોમાં સત્તાથી દૂર રહેલા વિપક્ષ માટે બેઠકો પાછી મેળવવી પણ મહેનત માગી લે તેવું કામ છે. પૂર્વોત્તર ભારતમાં ગત ચૂંટણીમાં ભાજપનો દબદબો રહ્યો હતો આ વખતે તેમાં કશું પરિવર્તન આવે તેવી શક્યતા વધુ છે આવી જ રીતે કોંગ્રેસ અને વિપક્ષનો ગઢ ગણાતા દક્ષિણ ભારતમાં ભાજપનો ભોગો લહેરાઇ તેવું અત્યારે લાગી રહ્યું છે. પહેલાં તબક્કામાં ૧૭ રાજ્યો અને ૪ કેન્દ્ર શાસિત પ્રદેશોની બેઠકો ઉપર મતદાન યોજાશે

૧૯ એપ્રિલે પહેલા તબક્કાની ૧૦૨ બેઠકો ઉપર જંગ જામશે ભારતમાં યાજનારી ૨૦૨૪ની ઐતિહાસિક લોકસભા ચૂંટણીના પડઘમ વાગવા માંડ્યા છે. થોડા સમય પહેલાં જ ચૂંટણી પંચ દ્વારા દેશમાં સાત તબક્કામાં મતદાન યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. તેમાંથી ૧૯ એપ્રિલે પહેલા તબક્કાનું મતદાન યોજાવાનું છે. આ માટે દેશની વિવિધ રાજકીય પાર્ટીઓ દ્વારા સોગઠાબાજી કરવાની શરૂઆત થઈ ગઈ છે. પહેલાં તબક્કામાં ઉમેદવારી નોંધાવાથી માંડીને સુધારાવધાર કરવાની તમામ કામગીરીઓ પૂરી થઈ ગઈ છે. આ ઉપરાંત બીજા તબક્કા પણ ઉમેદવારીના નામ નોંધાવવાની છેલ્લી તારી ૪ એપ્રિલ હતી જે પણ પૂર્ણ થઈ ગઈ છે. હવે પહેલાં તબક્કા માટે મતદાનની રાહ જોવાઈ રહી છે. માટે દેશમાં પહેલાં તબક્કામાં ૧૯ એપ્રિલે, બીજા તબક્કામાં ૨૬ એપ્રિલે, ત્રીજા તબક્કામાં ૭મી મે, ચોથા તબક્કામાં ૧૩મી મે, પાંચમા તબક્કામાં ૨૦મી મે, છઠ્ઠા તબક્કામાં ૨૫મી મે અને સાતમા તબક્કામાં ૧ જૂને મતદાન યોજાવાનું છે.

# પાકિસ્તાનમાં અદાલતે વ્યક્તિને ૮૦ કોરડા મારવાની ફટકારી સજા

### કોરડાની સજા માટે અદાલત દ્વારા નિર્દિષ્ટ કરેલા સમયે અને સ્થળે હાજર રહેશે અને ૧ લાખના જામીન બોન્ડ પણ જમા કરાવવાના રહેશે



કરંટ ટોપિક

પાડોશી દેશ પાકિસ્તાનમાં, કરાચીની એક અદાલતે એક પુરુષને તેની પત્ની પર વ્યભિચારનો ખોટો આરોપ લગાવવા અને તેના બાળકોને નકારવા બદલ ૮૦ કોરડા મારવાનીસજા ફટકારી છે. પાકિસ્તાનમાં આ પ્રકારની સજા હવે સામાન્ય રીતે આપવામાં આવતી નથી.

ડોનના અહેવાલ મુજબ, વધારાના જિલ્લા અને સત્ર ન્યાયાધીશ માલીર શહેનાઝ બોહ્યોએ આરોપી ફરીદ કાદિરને ઓછામાં ઓછા ૮૦ કોરડા મારવાની સજા સંભળાવી છે. આ વિવાદાસ્પદ નિર્ણય કઝફ ઓફેન્સીસ (એન્ફોર્સમેન્ટ ઓફ લિમિટેશન) ઓર્ડિનન્સ, ૧૯૭૯ની કલમ ૭(૧) હેઠળ લેવામાં આવ્યો છે, જેમાં લખવામાં આવ્યું છે કે, જે કોઈ કઝફ માટે જવાબદાર છે તેને ૮૦ કોરડા મારવાની સજા કરવામાં આવશે. ન્યાયાધીશે પોતાના ચુકાદામાં લખ્યું છે કે, “તે એકદમ સ્પષ્ટ છે કે આરોપી જૂઠો છે અને તેણે ફરિયાદી પર તેની પુત્રીના સંબંધમાં વ્યભિચારનો આરોપ મૂક્યો હતો. તેથી તેને કઝફ ઓર્ડિનન્સ ૧૯૭૯ની કલમ ૭ (૦૧) હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો છે અને તેને ૮૦ કોરડા મારવાની સજા આપવામાં આવી છે.”

ન્યાયાધીશના ચુકાદામાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે આરોપીને માત્ર કોરડા મારવાની સજા કરવામાં આવી છે, તેથી, તેણે આ શરતને આધીન જામીન પર રહેવું જોઈએ કે તે કોરડાની સજા લાદવા માટે આ અદાલત દ્વારા નિર્દિષ્ટ કરેલા સમયે અને સ્થળે હાજર રહેશે. અને ૧ લાખના જામીન બોન્ડ પણ જમા કરાવવાના રહેશે. કોર્ટે એ પણ ચુકાદો આપ્યો હતો કે દોષિત ઠેરવ્યા પછી, ફરીદ કાદિર દ્વારા પૂરા પાડવામાં આવેલ પુરાવા કોઈપણ કોર્ટમાં માન્ય રહેશે નહીં.

કેસની વિગતો મુજબ, ફરીદ કાદિર (દોષિત)ની પૂર્વ પત્નીએ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે તેના લગ્ન ફેબ્રુઆરી ૨૦૧૫માં થયા હતા અને તે ઓછામાં ઓછા એક મહિનાથી ફરીદ સાથે રહેતી હતી. ડિસેમ્બર ૨૦૧૫માં ફરીદની પત્નીએ એક બાળકીને જન્મ આપ્યો. ફરીદની ભૂતપૂર્વ પત્નીએ કહ્યું, “મારો પતિ (ફરીદ) ભરણપોષણ ચૂકવવા આવ્યો ન હતો અથવા તો મને અને અમારી નવજાત પુત્રીને તેના ઘરે પાછો લઈ ગયો. મેં ફેમિલી કોર્ટમાં કેસ કર્યો અને આદેશ મારી તરફેણમાં આવ્યો. કોર્ટે ફરીદને મારી અને પુત્રીના ભરણપોષણની વ્યવસ્થા કરવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ મારા પતિએ કોર્ટની કાર્યવાહી દરમિયાન કોર્ટમાં બે અરજીઓ રજૂ કરી હતી, જેમાં બાળક માટે ડીએનએ ટેસ્ટની માંગણી કરવામાં આવી હતી અને તેની પુત્રીને નામંજૂર કરવામાં આવી હતી. આ અરજીઓ બાદમાં ફરીદ દ્વારા પાછી ખેંચી લેવામાં આવી હતી.

બીજી તરફ આરોપી ફરીદે તેની પૂર્વ પત્ની દ્વારા લગાવવામાં આવેલા આરોપોને નકારી કાઢતા કહ્યું કે તેની પત્નીએ તેની સાથે માત્ર છ કલાક વિતાવ્યા હતા. ફરીદે કહ્યું, “હું અને મારી પત્ની માત્ર છ કલાક જ સાથે રહ્યા. પછી તે ઘરે ગયો અને ક્યારેય પાછો આવ્યો નહીં. પાકિસ્તાની કાયદા હેઠળ, આ કેસમાં અલગ સજા આપી શકાઈ હોત, પરંતુ દોષિતને ૮૦ કોરડા મારવાની સજા ફટકારવામાં આવી હતી. આ એક એવી સજા છે જે ૭૦ના દશકના ઝિયા ઉલ હકના યુગ પછી જોવામાં આવી નથી. ફરિયાદી સાયરા બાનુએ કહ્યું, “વકીલ તરીકેની મારી ૧૪ વર્ષની સેવા દરમિયાન, મેં કાફ ઓર્ડિનન્સની કલમ ૭ હેઠળ કોરડા મારવાની કોઈ સજા જોઈ નથી.” “આ કોરડા મારવાની સજા દાયકાઓમાં શારીરિક સજાના સ્વરૂપમાં તેના પ્રકારની પ્રથમ ઘટના હોઈ શકે છે.

# વિશ્વભરના MBAના વિદ્યાર્થીઓ AI શીખવા ભારત આવી રહ્યા છે

### STEM પ્રમાણિત કાર્યક્રમો માટેની પસંદગી ૨૦૧૯ માં ૪૩% થી વધીને ૨૦૨૩ માં ૫૭% અને ચીનમાં ૩૫% થી વધીને ૫૧% થઈ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આજે રોજિંદા જીવનમાં ચર્ચાનો વિષય બની ગયો છે. ભવિષ્યમાં AIની અસરોને લઈને દુનિયા બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. એક વર્ગ કહે છે કે તે લાખો નોકરીઓ ગળી જશે, જ્યારે બીજો વર્ગ કમ્પ્યુટર ક્રાંતિનું ઉદાહરણ આપીને પ્રથમ દાવાને ફગાવી દે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે AIને કારણે, એક નવા કૌશલ્ય સમૂહની જરૂર પડશે અને વિશ્વભરના લોકોને બે રીતે ઓળખવામાં આવશે – જેઓ AI ફ્રેન્ડલી છે અને જેઓ AIના સંપર્કમાં આવ્યા નથી.

AI હવે વિશ્વભરના ૪૦% માસ્ટર્સ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (MBA) વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમાંથી એક મોટો હિસ્સો ભારતમાં મેનેજમેન્ટ સંસ્થાઓ તરફ વળે છે, ખાસ કરીને AI માં નિપુણતા મેળવવાના ઉદ્દેશ્ય સાથે. તેમનો એક ભાગ ચીન તરફ પણ આકર્ષાઈ રહ્યો છે. આંકડા દર્શાવે છે કે ભારતીય સંસ્થાઓમાંથી MBA કરવા ઈચ્છુક ઉમેદવારોમાંથી ૫૭ ટકા AI માં સ્નાતક થવા ઈચ્છે છે, જ્યારે ચીનમાં આ આંકડો ૫૧% છે.

GMAC (ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એડમિશન કાઉન્સિલ)ના ‘પ્રોસ્પેક્ટિવ સ્ટુડન્ટ્સ સર્વે ૨૦૨૪’ રિપોર્ટમાં આ બાબતો સામે આવી છે. સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે મેનેજમેન્ટનો અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ જનરેટિવ છેં જેવી પરિવર્તનશીલ તકનીકો તરફ વધુને વધુ આકર્ષિત થઈ રહ્યા છે, જેમાં વાર્ષિક ૩૮% નો નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. આવા મોટા ભાગના વિદ્યાર્થીઓ માને છે કે AI વિના તેમના અભ્યાસનું બહુ મહત્વ નથી.

વધુમાં, STEM (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ) પ્રમાણિત બિઝનેસ પ્રોગ્રામ્સમાં વૈશ્વિક રસમાં સમાંતર વધારો થયો છે. ખાસ કરીને એશિયામાં ભારત અને ચીનમાં વધતી માંગને કારણે છેલ્લા પાંચ વર્ષમાં ૩૮% ની વૃદ્ધિ નોંધાવી રહ્યું છે.

વિશેષ

નોંધનીય છે કે, ભારતમાં ઉમેદવારોમાં જીઈસ્પ્રમાણિત કાર્યક્રમો માટેની પસંદગી ૨૦૧૯ માં ૪૩% થી વધીને ૨૦૨૩ માં ૫૭% અને ચીનમાં ૩૫% થી વધીને ૫૧% થઈ ગઈ છે. સર્વેક્ષણ દર્શાવે છે કે યુ.એસ. (૭૭%) અને પશ્ચિમ યુરોપ (૬૩%) વિશ્વની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી એમબીએની ડિગ્રી મેળવવા માંગતા ભારતીયો માટે આકર્ષણનું કેન્દ્ર રહે છે, જ્યારે મધ્ય અને દક્ષિણ એશિયામાં ઓછા ખર્ચે ડિગ્રી પસંદ કરતા લોકો. (૫૫%) પસંદગીના સ્થળો છે. સર્વે મુજબ, આ પ્રદેશમાં ગુણવત્તાયુક્ત સંસ્થાઓની પરવડે તેવી ક્ષમતા અને આવી સંસ્થાઓની સંખ્યામાં વધારો વિશ્વભરના વિદ્યાર્થીઓને આકર્ષે છે. ઉદાહરણ તરીકે, મોટાભાગના ભારતીય વિદ્યાર્થીઓ સ્થાનિક સંસ્થાઓમાં અરજી કરવાનું વિચારી રહ્યા છે, જે ૨૦૨૨ માં ૪૧% થી વધીને ૨૦૨૩ માં ૫૩% થઈ જશે.

# શું ‘ઓમ’ ના આકારમાં છે કૈલાશ પર્વત?

### પર્વત પર બરફ પડવાને કારણે ઓમનો આકાર બને છે. તેથી જ આ પર્વતને ઓમ પર્વત કહેવાય છે. એવું પણ કહેવાય છે કે ઓમ પર્વત પર ઓમનો અવાજ સંભળાય છે

કૈલાશ પર્વત તિબેટમાં સ્થિત એક પર્વતમાળા છે. તેની પશ્ચિમ અને દક્ષિણમાં માનસરોવર અને રક્ષાસ્થલ સરોવરો છે. બ્રહ્મપુત્રા, સિંધુ, સતલજ વગેરે જેવી ઘણી મહત્વપૂર્ણ નદીઓ અહીંથી નીકળે છે. હિંદુ સનાતન ધર્મમાં તેને પવિત્ર માનવામાં આવે છે. આ તીર્થને અષ્ટપદ, ગણપર્વત અને રજતગીરી પણ કહેવામાં આવે છે. કૈલાશનું ૬,૬૩૮ મીટર (૨૧,૭૭૮ ફૂટ) ઊંચું બરફથી ઢંકાયેલું શિખર અને તેની બાજુમાં આવેલ માનસરોવર સરોવર એક તીર્થસ્થાન છે. આ પ્રદેશને માનસખંડ પણ કહેવામાં આવે છે.


કૈલાશ એ સૌથી પવિત્ર પર્વતોમાંનું એક છે, જે બૌદ્ધ, જૈન, હિંદુ અને તિબેટીયન ધર્મોના અનુયાયીઓ માટે એક મહત્વપૂર્ણ તીર્થસ્થાન છે. આ ધર્મના લોકો કૈલાસને પવિત્ર માને છે અને તેની પૂજા કરે છે. હિન્દુ ધર્મ અને ધાર્મિક પુસ્તકો અનુસાર, કૈલાશ પર્વત ભગવાન શિવ અને માતા પાર્વતીનું ઘર હતું. એવું માનવામાં આવે છે કે આજે

આભાર - નિહારીકા રવિયા પણ ભગવાન શિવ અને તેમનો પરિવાર ત્યાં રહે છે. આજદિન સુધી તેના કોઈ નક્કર પુરાવા મળ્યા નથી કારણ કે ત્યાં સુધી પહોંચવામાં કોઈને સફળતા મળી નથી. કૈલાશ પર્વત વિશ્વનો સૌથી ઊંચો પર્વત નથી તેમ છતાં પણ આજ સુધી અજેય છે. ત્યાં સુધી પહોંચવામાં કોઈને સફળતા મળી નથી. મોટા પર્વતારોહકોએ પ્રયાસ કર્યો પરંતુ અંતે તેમને હાર સ્વીકારવી પડી છે.

હિમાલયમાં આવેલો માઉન્ટ એવરેસ્ટ વિશ્વનો સૌથી ઊંચો પર્વત ગણાય છે. તેની ઉંચાઇ ૮૮૪૯ મીટર છે. અત્યાર સુધીમાં હજારો લોકો માઉન્ટ એવરેસ્ટ ચઢી ચૂક્યા છે. કૈલાશ પર્વતની ઊંચાઇ ૬૬૩૮ મીટર છે. પરંતુ તેમ છતાં હજુ સુધી કોઈ કૈલાશ પર્વત પર ચઢી શક્યું નથી. આ પર્વત વિશે એવી માન્યતા પ્રચલિત છે કે તેનો આકાર ‘ઓમ’ છે. જોકે, હકીકત એ છે કે કૈલાશ પર્વત પહેલા ઓમ પર્વત આવે છે. જ્યારે ખૂબ દૂરથી જોવામાં આવે તો આ પર્વત પર ઓમનો આકાર દેખાય છે. પર્વત પર બરફ પડવાને કારણે ઓમનો આકાર બને છે. તેથી જ આ પર્વતને ઓમ પર્વત કહેવાય છે. એવું પણ કહેવાય છે કે ઓમ પર્વત પર ઓમનો અવાજ સંભળાય છે. જોકે, વૈજ્ઞાનિકો એમ માને છે કે આ બરફના લપસવાથી ઉત્પન્ન થતો અવાજ છે. ઘણા લોકોએ એવી અનુભૂતિ કરી છે કે કૈલાશ ગયા પછી તેઓ ચોક્કસપણે એક અલગ ઊર્જા અનુભવે છે.

# એર બોર્ન વિન્ડ એનર્જીથી સમુદ્રી જહાજો ચાલશે

### જર્મનીમાં સમુદ્રની જહાજને ચલાવવા માટે એર બોર્ન વિન્ડ એનર્જીનો ઉપયોગ સફળતાપૂર્વક હાલમાં થઈ રહ્યો છે આકાશમાં ખૂબ ઊંચે ઉડતા પતંગ દ્વારા આ જહાજ સમુદ્રની સપાટી ઉપર સહેલાઈથી ઝડપથી ચાલી રહ્યા છે તેની અનોખી માહિતી પ્રસ્તુત છે



વિજ્ઞાન અને ટેક્નોલોજી ના વિકાસ ની સાથો સાથ દુનિયાનું પર્યાવરણ વધુને વધુ બગડી રહ્યું છે વાયુ પ્રદુષણ જળ પ્રદૂષણ સહિતના પ્રદૂષણના અનેક નવા રૂપો સામે આવતા જાય છે ત્યારે સૌથી મોટું પ્રદૂષણ ઓટોમોબાઇલ સમુદ્રી જહાજો અને ઇન્ડસ્ટ્રીઝ દ્વારા થઈ રહ્યું છે જેને અટકાવવા માટે વિશ્વભરના વૈજ્ઞાનિકો સંશોધક સંશોધકો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે ત્યારે જર્મનીની સ્કાઈ સેલ્સ ગ્રુપ નામની સંસ્થાએ કાર્ગો જહાજો યાટ્સ અને માછીમારોને લગતા જહાજોને પવન ઊર્જાથી ચલાવવા માટેના આધુનિક પ્રયોગો હાથ ધર્યા છે આ માટે એનર્જી સિસ્ટમની નવી ટેકનોલોજી વિકસિત કરી છે

સાદા શબ્દોમાં કહીએ તો આકાશમાં ખૂબ જ ઊંચે મજબૂત દોરીથી એક વિરાટ કદનો પતંગ ચડાવવામાં આવે છે અને આ પતંગ પવનની દિશા પ્રમાણે જહાજને ખેંચે છે અહીં પતંગની દિશા ને બદલાવા માટે અત્યંત આધુનિક ટેકનોલોજી નો ઉપયોગ થઈ રહ્યો છે જેથી જહાજને યોગ્ય દિશાની અંદર મોડી શકાય છે

પતંગથી તો આખું જહાજ ચાલે, જોઈ લો આ તસવીર. વિશ્વની અંદર જર્મનીની એક કંપની કે જેનું નામ સ્કાય સેલ્સ ગ્રુપ છે તે ૨૦૦૧ થી એર બોર્નવિન્ડ એનર્જી થી માલવાહક જહાજો ને ચલાવવાના પ્રયોગો કરે છે આજે બે દાયકા પછી આ કંપનીને સારા પ્રમાણમાં સફળતા મળી છે આજે પ્રાયોગિક ધોરણે એર બોર્નવિન્ડ એનર્જી થી જહાજો ચાલતા થયા છે પરંતુ આમાં કેટલીક ટેકનીકલ મુશ્કેલીઓ પણ આવી રહી છે જેને નિવારવા માટે વૈજ્ઞાનિકોને સંશોધકો દિવસ રાત જહેમત ઉઠાવે છે જર્મનીના વૈજ્ઞાનિકોને પ્રેરણા પ્રાચીન ભારતના ગ્રંથોમાંથી મળે છે

અતિ પ્રાચીન સમયમાં સિંધુ ખીણની સંસ્કૃતિ વખતે પણ ભારતના લોકો દરિયાઈ માર્ગે વેપાર કરતા હતા જેના પુરાતત્વીય ઔષધો લોથલમાંથી મળ્યા છે અહીં એક સમુદ્રી બંદર પણ ઉત્ખલન દ્વારા ધરતીની સપાટી પર આવ્યુ છે અહીં એક સમયે સિંધુ નદીનું મુખ હતું અને મોટા પ્રમાણમાં જલ પ્રવાહ વહેતો હતો સરસ્વતી નદીની એક શાખા અહીં પણ નીકળતી હતી આ નહેર મારફતે લોથલ સુધી જહાજો આવતા આ જહાજો પવન ઊર્જાથી ચાલતા જહાજો હતા આથી ૧૦૦ સવા સો વર્ષ પહેલા મોટાભાગના સમુદ્રી જહાજો શઢ થી ચાલતા.

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

આવા જહાજોનું નિર્માણ કચ્છના માંડવી ખાતે થતું હતું જે આજની તારીખે પણ ચાલુ છે કચ્છના માંડવી ખાતે લાકડાના જહાજો બનાવવાના જહાજ નિર્માણના વાડાઓ છે જ્યાં કુશળકારીગરો લાકડાને છોલીને તેમાંથી મોટા જહાજો પણ બનાવે છે માંડવીની જેમ જ ભાવનગરના ઘોઘા ભરૂચ અને સુરત ખાતે પણ લાકડાના શઢ વાળા જહાજો બનાવવાના જહાજ વાડા હતા. આજે અન્ય કેન્દ્રમાં જહાજો બનવાના બંધ થઈ ગયા છે પરંતુ માંડવીમાં આજે પણ લાકડાના શઢ વાળા જહાજો બનાવવાનું કામ ધંધોકાર ચાલી રહ્યું છે.

તેમાં આધુનિકતા પણ આવી ચૂકી છે આવા જહાજમાં વચ્ચોવચ એ ઊંચો થાંભલો હોય છે જેને કુવા સ્તંભ કહેવામાં આવે છે આ કુવા સ્તંભ સાથે દોરડાથી કાપડના જાડા શઢ બનાવવામાં આવે છે મોટાભાગે તે ત્રિકોણ આકારના હોય છે આવા સિંગલ શઢ વાળા અને એક કરતા વધુ શઢ વાળા જહાજો પણ માંડવીમાં એક સમયે બનતા હતા. આવા જહાજો બનવામાં આરબોની મોનોપોલી હતી તેઓ એક કરતા વધુ શઢ વાળા જહાજો બનાવતા આ શઢ ને દોરી ખેંચીને અલગ અલગ ઍંગલ થી ફેરવવામાં આવતા જહાજની દિશા બદલાઈ છે આવા જહાજ દરિયાઈ ની ભરતી સામે તથા પવનની સામે પણ ચાલી શકતા હતા જે તે સમયે જ નહીં આજે પણ એક આશ્ચર્યનો વિષય છે આ જહાજ બે રીતે કંટ્રોલ થતા હતા એક તો શઢની દિશા એટલે કે ઍંગલ ફેરવવામાં આવતો હતો અને બીજું જહાજનું સુકાન ફેરવવામાં આવતું હતું આના કારણે જહાજની દિશા બદલાઈ જતી હતી

આજે જર્મનીમાં જે એર બોર્નવિન્ડ એનર્જી થી જહાજો ચાલે છે તેમાં આ જ સિસ્ટમ છે પરંતુ તેમાં ખૂબ ઊંચે એક વિરાટ કદના મજબૂત પતંગને ચડાવવામાં આવે છે અને આ પતંગને નીચેથી કંટ્રોલ કરવામાં આવે છે જેથી તે પોતાની દિશા ફેરવે છે અને આના કારણે જહાજની દિશા પણ બદલાઈ જાય છે જર્મની ની અંદર આ માટેના નિષ્ણાતો કાર્ય કરી રહ્યા છે નજીકના ભવિષ્યમાં ભારત પણ આ પ્રકારના જહાજોનું નિર્માણ શરૂ કરે તે શક્યતા નિવારી શકાય નહીં આ જહાજ આધુનિક હોય છે તેમાં ડીઝલ એન્જિન હોતું નથી પરંતુ આકાશમાં ઉડતા વિરાટ કદના પતંગો હોય છે જે જહાજને ગતિ આપે છે

આ જહાજમાં એક બીજી અન્ય સિસ્ટમ પણ જર્મનીના વૈજ્ઞાનિકો દ્વારા કાર્યરત કરવામાં આવી છે જેમાં આકાશમાં ખૂબ ઊંચે ઉડી રહેલા પતંગને કારણે વિંડ એનર્જી ઉત્પન્ન થાય છે આ એનર્જી વાયર દ્વારા જહાજમાં પણ આવે છે અને તેનો ઉપયોગ જહાજની મોટરને ચલાવવામાં આવે છે આ મોટર સાથે પ્રોપેલર જોડેલું હોય છે જેવી રીતે ઈલેક્ટ્રિક ટ્રેનમાં મોટર દ્વારા રેલવેનું એન્જિન ચાલે છે તેવી જ રીતે અહીં ટ્રેનના પૈડા ની જગ્યાએ જહાજનું પ્રોપેલર એટલે પંખો ચાલે છે અને જહાજને ગતિ મળે છે

જર્મનીમાં સંશોધન કરતી આ કંપનીની સ્કાયસેલ્સ ગ્રૂપની સ્થાપના ૨૦૦૧માં જર્મનીમાં હેમ્બર્ગમાં થઈ. આ કંપની કાર્ગો જહાજો, યાટ્સ, માછીમારોને લગતા જહાજોને ઊંચાઈએ ફૂંકાતા પવનોમાંથી વીજળીના ઉત્પાદન માટે એરબોર્ન વિન્ડ એનર્જી સિસ્ટમને આગળ વધારવા માટે પતંગો વેચે છે. સરળ શબ્દોમાં કહીએ તો એન્જિનિયરિંગ વિજ્ઞાનની એવી શૈલી છે જે સમુદ્રી જળમાં કોઈ પણ જહાજને ચલાવવા સ્કાયસેલ્સ માટે પવન ઊર્જાનો સૌથી વધુ ઉપયોગ કરે છે. સ્કાયસેલ્સ ટેકનિક પતંગને ૧૦૦ મીટરથી ૩૦૦ મીટર વચ્ચેની ઊંચાઈ સુધી પહોંચાડે છે.

# આઈપીએલ ૨૦૨૪ના પોઈન્ટ ટેબલમાં મોટો ફેરફાર

## મુંબઈ ઈન્ડિયન્સની પહેલી જીત બાદ ૨ ટીમોને નુકસાન થયું



મુંબઈ,
આઈપીએલ ૨૦૨૪માં રવિવારના દિવસે ડબલ હેડર મેચ રમાઈ હતી. પહેલી મેચ મુંબઈ ઈન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાઈ હતી. બીજી મેચ લખનૌ સુપર જાયન્ટસ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાઈ હતી. ડબલ હેડર મેચની પહેલી મેચમાં મુંબઈએ જીત મેળવી હતી. તો બીજી મેચ લખનૌ સુપર જાયન્ટસની ટીમના નામે રહી હતી. આ બંન્ને મેચ બાદ પોઈન્ટ ટેબલમાં મોટો ફેરફાર જોવા મળ્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સને આઈપીએલ ૨૦૨૪ની પહેલી જીત મળી ગઈ છે. આ જીતની સાથે પોઈન્ટ ટેબલમાં પણ ફાયદો થયો છે. આ મેચ પહેલા મુંબઈ ઈન્ડિયન્સની ટીમ ૧૦માં સ્થાન પર હતી, પરંતુ હવે ૨ પોઈન્ટની સાથે ૮માં સ્થાન પર આવી ગઈ છે. આ મેચમાંથી મળેલી હાર બાદ દિલ્હી કેપિટલ્સને નુકસાન થયું છે. દિલ્હીની સાથે સાથે આરસીબીની ટીમને પણ મોટું નુકસાન થયું છે. દિલ્હી કેપિટલ્સની ટીમે આ સીઝનમાં અત્યારસુધી ૫ મેચ રમી છે. જેમાં તે માત્ર એક મેચ જીતી શકી છે અને ૪ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. ચોથી હાર બાદ તે ૧૦માં સ્થાને આવી ગઈ છે. આ મેચ પહેલા તે ૯માં સ્થાને હતી. આરસીબીની ટીમ હવે ૯માં સ્થાને પહોંચી ગઈ છે.

# વિદ્યા બાલન એવી હિરોઈન છે જે પોતાના દમ પર ફિલ્મને હિટ બનાવી શકે છે

મુંબઈ,
વિદ્યા બાલનનું નામ એ અભિનેત્રીઓમાં સામેલ છે જે પોતાના દમ પર ફિલ્મને હિટ બનાવી શકે છે. ૨૦૦૩માં બંગાળી ફિલ્મ 'ભાલો થેકો'થી ફિલ્મી દુનિયામાં એન્ટ્રી કરનાર વિદ્યા બાલને પોતાના કરિયરમાં ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. આ લિસ્ટમાં 'લગે રહો મુન્નાભાઈ', 'હે બેબી', 'ઈશ્કિયા', 'કહાની', 'ડર્ટી પિક્ચર', 'મિશન મંગલ' સહિત ઘણી ફિલ્મોના નામ સામેલ છે. આજે અમે તમને વિદ્યાની ફિલ્મો વિશે જણાવીશું, જેને જોઈને તમે પણ કહેશો કે તે કોઈ હિરોઈન નથી, પરંતુ ફિલ્મની હીરો છે. 'પરિણીતા' વિદ્યા બાલનની પહેલી હિન્દી ફિલ્મ હતી. જોકે, તેની ફિલ્મી સફર ઉતાર-ચઢાવથી ભરેલી હતી. એક સમય એવો હતો જ્યારે તેની ઘણી ફિલ્મો એક પછી એક ફ્લોપ થઈ હતી. તમને જાણીને નવાઈ લાગશે કે મેકર્સ તેની સાથે કામ કરવાનું ટાળવા લાગ્યા. એવું પણ કહેવાય છે કે તેને સાઈન કરતા પહેલા ડિરેક્ટર્સ તેની કુંડળી પૂછતા હતા. હવે વિદ્યા બાલન આ તબક્કામાંથી બહાર આવી છે અને તેણે પોતાના દમ પર ઘણી હિટ ફિલ્મો આપી છે. આવી ૫ ફિલ્મો પર એક નજર કરીએ.

'કહાની' વર્ષ ૨૦૧૨માં રિલીઝ થઈ હતી. 'કહાની'ની સ્ટોરી ખૂબ જ પાવરફુલ હતી, જેને વિદ્યા બાલને પોતાના દમ પર હિટ કરી હતી. ૧૫ કરોડમાં બનેલી આ ફિલ્મે વિશ્વભરમાં ૭૯ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. આ ફિલ્મમાં તેણે એક ગર્ભવતી મહિલાનું પાત્ર ભજવ્યું હતું, જે તેના પતિની શોધમાં લંડનથી કોલકાતા આવે છે. આ ફિલ્મનો ભાગ ૨ ૨૦૧૬માં રિલીઝ થયો હતો. 'નો વન કિલ્ડ જેસિકા' વર્ષ ૨૦૧૧માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં વિદ્યા બાલનનો મહત્વનો રોલ હતો. આ ફિલ્મ ૧૯૯૯માં બનેલી જેસિકા લાલની ઘટના પર આધારિત હતી. પિક્ચરનું બજેટ લગભગ ૧૫ કરોડ રૂપિયા હતું. તે જ સમયે, 'નો વન કિલ્ડ જેસિકા'ની કમાણી લગભગ ૪૩ કરોડ રૂપિયા હતી.

# રાજસ્થાનના અલવરમાં પત્નીના રીલ બનાવવાથી દુ:ખી સરકારી કર્મચારીનો આપઘાત

## રીલ પર અશ્લિલ કોમેન્ટ પતિને બિલકુલ પસંદ ન હતી

અલવર,
મહિલાને સોશિયલ મિડીયા પર રીલ બનાવવાનો શોખ હતો. ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર રીલ બનાવીને તે રાખતી ત્યારે લોકો અશ્લિલ કોમેન્ટ કરતા હતા. પત્નીના રીલ પર અશ્લિલ કોમેન્ટ પતિને બિલકુલ પસંદ ન હતી. જેને કારણે પતિ પત્ની વચ્ચે વિવાદ શરૂ થયો હતો. અંતે પરેશાન પતિએ આપઘાત કરી લીધો હતો.

રાજસ્થાનના અલવરમાં આ કરૂણ બનાવ બન્યો હતો. પતિએ ઘણીવાર પત્નીને રીલ ન બનાવવા કહ્યું હતું પરંતુ પત્ની માનતી ન હતી. જેને પગલે બન્ને વચ્ચે જોરદાર ઝઘડો થતા પત્ની રિસાઈને પિયર જતી રહી હતી. અંતે પરેશાન પતિએ આત્મહત્યા કરી લીધી. આપઘાત કરતા પહેલા યુવકે સોશિયલ મિડીયા પર લાઈવ થઈને અશ્લિલ કોમેન્ટ કરનારા લોકોને જવાબ પણ આપ્યો હતો. પરિવારમાં આ બાબતને લઈને થતા ઝઘડા ગે પણ કહ્યું હતું.

રૈણી થાણા વિસ્તારના નાંગલબાસ ગામમાં રહેતા સિધ્ધાર્થ દૌસા સ્વાસ્થય વિભાગમાં એલડીસી પદે ફરજ બજાવતો હતો. દોઢ વર્ષ પહેલા પિતાની જગ્યાએ તેને નોકરી મળી હતી. સિધ્ધાર્થના માયા નામની યુવતી સાથે લગ્ન થયા હતા. ૫ એપ્રિલે સિધ્ધાર્થે આપઘાત કરતા તેના પરિવારજનોએ ૬ એપ્રિલના રોજ એફઆઈઆર દાખલ કરાવી હતી.

માયાને સોશિયલ મિડીયા પર રીલ બનાવવાનો શોખ હતો. તે સોશિયલ મિડીયા પર રીલ બનાવીને મુકતી હતી. જેમાં અશ્લિલ કોમેન્ટને કારણે સિધ્ધાર્થ પરેશાન હતો. જેને કારણે બન્ને વચ્ચે ઝઘડા થતા હતા. દંપત્તીને ત્રણ દિકરી અને એક દિકરો છો.

સિધ્ધાર્થે માયાને રીલ બનાવવા મનાઈ કરી તો તેમની વચ્ચે ઝઘડો થયો. અંતે માયા પિયર ચાલી ગઈ હતી. જેમાં માયાએ સિધ્ધાર્થ પર આરોપ લગાવીને પોલીસમાં ફરિયાદ કરી હતી. કહેવાય છે કે સિધ્ધાર્થને દારૂની લત લાગી ગઈ હતી. જેને કારણે પણ બન્ને વચ્ચે ઝઘડા થતા હતા.

આત્મહત્યા કરતા પહેલા સિધ્ધાર્થ ઓનલાઈન આવ્યો હતો. તેણે કહ્યું કે તે પણ વિડીયો જોઈ રહી છે. સાંભળી લે , તુ છુટાછેડા લઈ લે. ચાર બાળકો મારી પાસે રહેશે. રતિરામ કોણ છે, હું તારો પતિ છું. હું કહીશ તે થશે.

# નેપાળી આર્મી હિમાલયમાંથી માનવસર્જિત કચરો સાફ કરશે



કાઠમાંડૂ,
નેપાળી આર્મી પર્વત સફાઈ અભિયાન ૨૦૨૪ હેઠળ માઉન્ટ એવરેસ્ટ પર પડેલો લગભગ ૧૦ ટન કચરો અને પાંચ મૃતદેહો એકત્ર કરશે. મેજર આદિત્ય કાર્કીના નેતૃત્વમાં ૧૨ સભ્યોની ટીમ ૧૪ એપ્રિલે એવરેસ્ટ બેઝ કેમ્પ માટે માઉન્ટ એવરેસ્ટ, માઉન્ટ લોત્સે અને માઉન્ટ નુપ્ત્સેથી કચરો એકત્રિત કરવા માટે રવાના થશે. ૧૮ સભ્યોની શેરપા ટીમ સફાઈ કામગીરીમાં સેનાને મદદ કરશે.

નેપાળી સેનાના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ કૃષ્ણ પ્રસાદ ભંડારીએ રવિવારે કહ્યું કે આર્મી ચીફ જનરલ પ્રભુરામ શર્મા ૧૧ એપ્રિલે કાઠમંડુમાં ટીમને ફ્લેગ ઓફ કરશે. બાયોડિગ્રેડેબલ કચરો બેઝ કેમ્પની નીચે નમચે બજારમાં લાવવામાં આવશે. તેને યોગ્ય સારવાર માટે સાગરમાથા પ્રદૂષણ નિયંત્રણ સમિતિને સોંપવામાં આવશે. બિન-બાયોડિગ્રેડેબલ કચરો અને મૃતદેહો કાઠમંડુ લાવવામાં આવશે.

# ઈંગ્લેન્ડની રહેવાસી ૧૮ વર્ષની મિલી મેકનેશને એવી બીમારી છે કે જાણે તે જીવતી હોવા છતાં મરી ગઈ હોય તેવું લાગે છે

ઈંગ્લેન્ડ,
આ દુનિયામાં ઘણી એવી બીમારીઓ છે, જે ખૂબ જ દુર્લભ છે અને તેમને જોયા પછી માણસોને તો છોડી દો, ડૉક્ટરો પણ એક ક્ષણ માટે ડરી જાય છે. આ વિશે જાણ્યા પછી, તમે પણ વિચારવા લાગશો કે શું આવી તબીબી સ્થિતિ પણ થઈ શકે છે? ભલે દુનિયામાં બહુ ઓછા લોકો આ રોગથી પીડાય છે, પરંતુ તેના વિશે જાણ્યા પછી, તમે પણ વિચારવા લાગશો કે શું આવી તબીબી સ્થિતિ પણ થઈ શકે છે. આવી જ એક બીમારી આજકાલ લોકોમાં ચર્ચામાં છે. એક અંગ્રેજી વેબસાઈટમાં છપાયેલા અહેવાલ મુજબ ઈંગ્લેન્ડની રહેવાસી ૧૮ વર્ષની મિલી મેકેન્શ પણ આવી જ બીમારીથી પીડિત છે. આ છોકરીને એવી દુર્લભ બીમારી છે, જેના કારણે તે ન તો રડી શકે છે અને ન તો બોલી શકે છે. હાલત એવી છે કે તે ચાલી પણ શકતો નથી. પોતે પણ કંઈ ખાઈ-પી શકતો નથી. તેને દરેક ક્ષણે એક જ ભય સતાવે છે કે તે હવે ગમે ત્યારે મરી શકે છે. પરિસ્થિતિ એવી છે કે સીટીનો અવાજ પણ છોકરીને બોમ્બ વિસ્ફોટ જેવો લાગે છે. શરૂઆતમાં પરિવારના સભ્યોએ ડોક્ટરની સલાહ લીધી અને વિચાર્યું કે કદાચ ખાવા-પીવાની સમસ્યા છે. પરંતુ જ્યારે પ્રારંભિક સારવાર છતાં તેમની સ્થિતિમાં સુધારો થયો ન હતો, ત્યારે ડૉક્ટરને ખબર પડી કે તેમને માયાલ્જિક એન્સેફાલોમીલાઈટિસ ચેપ છે. આ રોગમાં શરીર સંપૂર્ણ રીતે અક્ષમ થઈ જાય છે અને આશ્ચર્યની વાત એ છે કે આ રોગના કારણે દર્દીનું મૃત્યુ થાય છે કારણ કે તેની કોઈ સારવાર શક્ય નથી. મિલીની માતાએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે તેની દીકરી માટે હવે તેનું જીવન નર્ક બની ગયું છે. મારી પુત્રી દરરોજ ઘરે જવા માટે વિનંતી કરે છે.

# 'મંકી મેન' ફિલ્મ અંશત : હિન્દુ ભગવાન હનુમાનજીથી પ્રેરિત છે - દેવ પટેલ

મુંબઈ
અભિનેતા અને દિગ્દર્શક દેવ પટેલ, જેમને તાજેતરમાં બહોળા પ્રમાણમાં વખાણાયેલી મંકી મેન સાથે દિગ્દર્શક તરીકેની શરૂઆત કરી હતી, તેને જણાવ્યું હતું કે તેમની ફિલ્મ અંશતઃ હિન્દુ ભગવાન હનુમાનથી પ્રેરિત છે. હનુમાન ભારતમાં વ્યાપકપણે પૂજવામાં આવતા દેવતા છે. મોડી રાતના હોસ્ટ જીમી ફેલોન સાથે વાત કરતા પટેલે જણાવ્યું હતું કે, "મારા પિતા તેમના ગળામાં એક સાંકળ પહેરે છે અને તેના પર હનુમાનની નાની મૂર્તિઓ હતી. હું મારા પિતાને તેના વિશે પૂછતો હતો. હનુમાન ખાનદાની અને શક્તિ અને હિંમતનું પ્રતિનિધિત્વ કરે છે. મારા માટે, તેઓ પણ હતા. એક હીરો કે જેણે પોતાનામાં વિશ્વાસ ગુમાવ્યો. એક સમયે તેની હિંમત ન હતી અને તેને યાદ કરાવવાની જરૂર હતી કે તે કોણ છે, તે મારા માટે વાર્તાનો આધાર હતો (મંકી મેન માટે).પટેલે હનુમાન અને સુપરમેન વચ્ચે પણ સરખામણી કરી અને ઉમેર્યું, "તે સુપરમેન સાથે ખૂબ જ સમાન છે તે અર્થમાં કે તે આઈકોનોગ્રાફીમાં તેની છાતીને વિભાજીત કરે છે અને ઉડે છે."

અભિનેતાએ ઉલ્લેખ કર્યો છે કે કેવી રીતે તેના પાત્ર કિડની મુસાફરી હનુમાનની સમગ્ર યાત્રાને પ્રતિબિંબિત કરે છે. હિંદુ દેવતા એ હિંદુ મહાકાવ્ય રામાયણની પ્રાથમિક વ્યક્તિઓમાંની એક છે, જેની વફાદારી, શક્તિ અને દુષ્ટતાને દૂર કરનાર વ્યક્તિ તરીકે ઉપાસકો દ્વારા પ્રશંસા કરવામાં આવે છે.

દરમિયાન, ૫ એપ્રિલે વૈશ્વિક સ્તરે રિલીઝ થયેલી મંકી મેન ભારતમાં રિલીઝ થવાની બાકી છે. આ ફિલ્મને તેની ગ્રાફિક હિંસા, કેટલાક જાતીય દ્રશ્યો અને હિંદુ પૌરાણિક કથાઓના સંદર્ભોને કારણે સેન્સર બોર્ડ દ્વારા હજુ સુધી લીલી ઝંડી આપવામાં આવી નથી.



# હું ઈમાનદાર અને સુંદર જીવન સાથી શોધી રહી છું,અભિનેત્રી નોરા ફતેહી

મુંબઈ,
નોરા ફતેહીને આજે બોલિવૂડમાં કોઈ ઓળખની જરૂર નથી. નૃત્યાંગના તરીકે કરિયરની શરૂઆત કરનાર નોરા આજે ફિલ્મોમાં મહત્વની ભૂમિકા ભજવતી જોવા મળે છે. તાજેતરમાં નોરા કોમેડી ફિલ્મ 'મડગાંવ એક્સપ્રેસ'માં જોવા મળી હતી. દર્શકોને આ ફિલ્મમાં તેનું પાત્ર ખૂબ પસંદ આવ્યું હતું. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન અભિનેત્રી પોતાની અંગત જીવન અને લગ્ન વિશે ખુલીને વાત કરતી જોવા મળી હતી.

નોરા ફતેહી બોલિવૂડમાં તેની સ્પષ્ટવક્તા શૈલી માટે પ્રખ્યાત છે. તાજેતરમાં, જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે તેના જીવનસાથીમાં કયા ગુણો જોવા માંગે છે. આ સવાલના જવાબમાં નોરા કહે છે, 'હું જે રીતે પહેલા વિચારતી હતી તે સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. પ્રેમ અને લગ્નની બાબતમાં મારા ઘણા જૂના વિચારો છે. મારે પણ લગ્ન કરીને સેટલ થવું છે.

નોરા આગળ કહે છે, 'હું ભગવાનમાં વિશ્વાસ રાખતો જીવનસાથી શોધી રહી છું. તે જ સમયે, તેણે સારો ઉછેર કર્યો હોવો જોઈએ. મારા માટે, પૈસા પાછળથી આવે છે; તે પહેલાં, વ્યક્તિનું હૃદય સારું હોવું મહત્વપૂર્ણ છે. સાચું કહું તો, આજની દુનિયામાં એવા વધુ સ્વાર્થી લોકો છે જેઓ તમારો ફાયદો ઉઠાવવા માંગે છે. તેઓ થોડા વર્ષો તમારી સાથે રહેશે અને તમારો ફાયદો ઉઠાવશે અને ચાલ્યા જશે. નોરા ફતેહી લગ્ન કરીને સેટલ થવા માટે તૈયાર છે. અભિનેત્રી કહે છે, 'ચાર-પાંચ વર્ષ પહેલાં મારા જીવનસાથી વિશે મારા વિચારો એકદમ ઉપરછલ્લા હતા.

# બુમરાહ આઈપીએલમાં સૌથી ઝડપી ૧૫૦ વિકેટ ઝડપનાર ત્રીજો ખેલાડી બન્યો

મુંબઈ,
આઈપીએલ ૨૦૨૪ ની ૨૦મી મેચમાં, મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સને ૨૯ રનથી હરાવ્યું અને સિઝનની તેમની પ્રથમ જીત નોંધાવી. આ મેચમાં દિલ્હી તરફથી છ બોલરોએ બોલિંગ કરી હતી અને મુંબઈ માટે પણ છ બોલરોએ બોલિંગ કરી હતી. આ હાઈ સ્કોરિંગ મેચમાં જસપ્રીત બુમરાહ સિવાયના તમામ બોલરો મોંઘા સાબિત થયા હતા. બુમરાહ સિવાય અન્ય બોલરોનો ઈકોનોમી રેટ આઠથી ઉપર હતો. તે જ સમયે, બુમરાહે ચાર ઓવરમાં ૨૨ રન આપીને બે વિકેટ લીધી હતી. તેનો ઈકોનોમી રેટ ૫.૫૦ હતો. બે વિકેટ લેવાની સાથે બુમરાહે એક ખાસ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો. તેણે આઈપીએલમાં ૧૫૦ વિકેટ પણ પૂરી કરી અને આમ કરનાર તે ૧૧મો ખેલાડી બન્યો.

બુમરાહે આઈપીએલમાં ત્રીજી સૌથી ઝડપી ૧૫૦ વિકેટ પૂરી કરી. આ માટે તેણે ૧૨૪ મેચ રમી હતી. આ મામલે લસિથ મલિંગા ટોચ પર છે, જેણે ૧૦૫ મેચમાં ૧૫૦ વિકેટ પૂરી કરી હતી.



# કમલ હાસનની સક્રિયતાને કારણે દક્ષિણનું રાજકારણ ગરમાયું : લાખો ચાહકો એકઠા થયા



મુંબઈ
મુંબઈમાં આ દિવસોમાં કમલ હાસનની બે ફિલ્મો ચર્ચામાં છે. મતદાનના પરિણામો આવે તે પહેલા તેની ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ એડી' રિલીઝ થશે અને તે પછી તેની બહુચર્ચિત ફિલ્મ 'ઈન્ડિયન' 'ઈન્ડિયન ૨'ની સિક્વલ રિલીઝ થશે. બંને ફિલ્મોની હિન્દી ભાષી વિસ્તારોમાં ખૂબ માંગ છે અને મુંબઈમાં ઘણા ફિલ્મ વિતરકો ઉત્તર ભારતમાં આ બંને ફિલ્મોનું વિતરણ કરવા માટે સતત બિઝનેસ ચર્ચામાં છે. કમલ હસન રાજકારણમાં ઊંડો રસ ધરાવે છે. વર્ષ ૨૦૧૮ માં, તેમણે પ્રથમ વખત સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો.

હવે ૩૦ માર્ચે ડીએમકે પ્રમુખ અને તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિનના નિધન બાદ દક્ષિણના આ સૌથી મહત્વપૂર્ણ રાજ્યની રાજનીતિ નવો વળાંક લેતી જોવા મળી રહી છે. ગઈકાલે રાત્રે, કમલ હાસન આ લોકસભા ચૂંટણીમાં ડીએમકેના ઉમેદવાર ડી રવિકુમારના પ્રચાર માટે પ્રથમ વખત બહાર આવ્યા હતા. મોડી રાતના પ્રચાર દરમિયાન, કમલ હાસન હાથ જોડીને રવિકુમાર માટે મત માગતા જોવા મળ્યા હતા અને રવિકુમાર દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી આ રેલીઓની તસવીરો દર્શાવે છે કે તમિલનાડુના રાજકારણમાં કમલ હાસનનું સ્ટેટસ હજુ વધવાનું બાકી છે. વધારો થવા જઈ રહ્યો છે.

કમલ હાસનને તેમના રાજકીય પક્ષ મક્કલ નીધી મૈયમના ચૂંટણી ચિન્હ સાથે વાનમાં સવાર થતા જોવા માટે મોટી સંખ્યામાં લોકો શેરીઓમાં અને તેમના ઘરની છત પર ઉભા જોવા મળ્યા હતા. સ્દ્રસ ની સ્થાપના કમલ હાસ દ્વારા વર્ષ ૨૦૧૮ માં કરવામાં આવી હતી. આ ચૂંટણીઓમાં તેમના દ્બસ્દ્રના સમર્થનમાં આવવાથી ચૂંટણી પરિણામો પર અસર પડી શકે છે, જોકે કમલ હાસનની પાર્ટીએ ૨૦૧૯ની ચૂંટણીમાં ૩૭ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખ્યા હતા અને તેમાંથી એક પણ જીતી ન હતી.

સૌરાષ્ટ્ર આજતક

# ઉનાળો આકરો બનતા જ લીંબુમાં તોતીંગ ઉછાળો: કિલોનાં રૂા. ૨૫૦ સુધીના ભાવ

રાજકોટ, તા.૯

ગુજરાતમાં આકરી ગરમી સાથે ઉનાળો તપવા લાગતાની સાથે જ લીંબુના ભાવમાં તોતીંગ વધારો થયો છે. ઓનલાઈન રૂા.૨૨૫ તથા શાક માર્કેટમાં રૂા.૨૫૦ ના કિલોના ભાવે વેચાય રહ્યા છે. હોલસેલ ભાવ પણ રૂા.૧૦૦ થી ૧૨૫ થયા છે. વેપારીઓના કહેવા પ્રમાણે આકરી ગરમીને કારણે વપરાશ વધતા લીંબુમાં ભાવ વધારો છે.આ સિવાય ચૈત્રી નવરાત્રી-રમજાન માસ જેવા ધાર્મિક ઉત્સવોની પણ અસર છે.ઉંચા ભાવને કારણે રેસ્ટોરા તથા કેન્ટીનની સલાટ પ્લેટમાંથી લીંબુ ગાયબ થવા લાગ્યા છે. વેપારીઓનાં કહેવા પ્રમાણે અમદાવાદ જેવા મોટા શહેરોમાં દરરોજ ૫૫ ટન લીંબુનો વપરાશ

### રેસ્ટોરાં-કેન્ટીનમાં સલાડની પ્લેટમાંથી લીંબુ ગાયબ



છે.ઉનાળા તથા તહેવારોમાં લીંબુની ડીમાંડમાં ૪૦ ટકાનો વધારો થાય છે.જયારે સપ્લાયમાં ૧૦ ટકાથી વધુનો ઘટાડો થાય છે.ગુજરાતમાં લીંબુનુ ઉત્પાદન વપરાશની સરખામણીએ માંડ સાત ટકાનું છે. મોટાભાગની સપ્લાય બીજા રાજયોમાંથી થાય છે. માસાંતથી લીંબુનો નવો પાક બજારમાં આવશે ત્યારે ભાવમાં ઘટાડો થવાનો અંદાજ દર્શાવતા વેપારીઓએ કહ્યું કે હાલ કર્ણાટકથી મોટો જથ્થો ઠલવાય રહ્યો છે. જોકે, હાલ તુર્ત ઉંચા ભાવમાંથી કોઈ રાહત મળે તેમ નથી. ગરમી વધતા તથા હીટવેવની સ્થિતિમાં ડીમાંડ વધુ વધે તો હજુ ભાવ ઉંચા જવાની શકયતા નકારાતી નથી. રેસ્ટોરા-જેવા સ્થળોએ લીંબુનો વપરાશ ઘટી ગયો છે.

# રાજકોટ ચૂંટણી તાલીમમાં ગેરહાજર રહેનારા ૮૦ જેટલા કર્મચારીઓને નોટીસ : ખુલાસા મંગાયા

રાજકોટ,

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી માટે જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કર્મચારીઓના આયોજીત કરાયેલા પ્રથમ તાલીમ વર્ગમાં ગેરહાજર રહેનારા ૮૦ જેટલા કર્મચારીઓને નોટીસ ફટકારી ખુલાસા પૂછવામાં આવેલ છે. તેની સાથોસાથ આ કર્મચારીઓને હવે આગામી તા.૨૫ની આસપાસ યોજાનાર બીજા તાલીમ વર્ગમાં હાજર થવા માટે ફરમાન કરી દેવામાં આવ્યું છે. આ બીજા તાલીમ વર્ગમાં પણ હવે કર્મચારીઓ ગેરહાજર રહેશે તો તેઓની સામે કડક પગલા લેવાનો નિર્દેશ જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આપવામાં આવેલ છે. આવા ૮૦ જેટલા કર્મચારીઓને બીજા તાલીમ વર્ગમાં હાજર રહેવા માટે જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ફરમાન કરી દેવામાં આવેલ છે.

લોકસભાની ચૂંટણી સુચારૂ રૂપથી યોજાય તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી દ્વારા માઈક્રો પ્લાનીંગ સાથે તૈયારીઓને વેગ અપાઈ રહ્યો છે. જેમાં ફલાઈંગ સ્કવોર્ડ, સ્ટેટીક સર્વેલન્સ, વિડીયો સર્વેલન્સ સહિતની ટીમો કાર્યરત કરી દેવામાં આવેલ છે. તેની સાથે આચારસંહિતાનો પણ ચૂસ્તપણે અમલ કરવામાં આવી રહ્યો છે.

# શ્રી ખોડલધામ મંદિરે નવ દિવસ ધામધૂમથી ઉજવાશે ચૈત્રી નવરાત્રી

## નવ દિવસ વિવિધ જિલ્લા-તાલુકાની શ્રી ખોડલધામ સમિતિની બહેનો દ્વારા ધ્વજારોહણ, યજ્ઞ, રાસ-ગરબા અને ધૂન-કિર્તન સહિતના કાર્યક્રમો

રાજકોટઃ

હિંદુ ધર્મમાં ધામધુમથી ઉજવાતી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થઈ ગયો છે. ચૈત્રી નવરાત્રીમાં ભક્તો દ્વારા મા દુર્ગાની વિશેષ આરાધના કરવામાં આવતી હોય છે. ચૈત્રી નવરાત્રીમાં વિશેષ ફળની પ્રાપ્તિ માટે ભક્તો માતાજીની ઉપાસના કરતા હોય છે. માતાજીને પ્રસન્ન કરવા ભક્તો દ્વારા અનોખી ભક્તિ કરવામાં આવતી હોય છે. ભક્તો ચૈત્રી સુદ એકમથી લઈને નોમ સુધી મા દુર્ગાની પૂજા અર્ચના કરતા હોય છે.

નવરાત્રીના પ્રથમ દિવસે ઘટસ્થાપનની સાથે સાથે મા શૈલપુત્રીની પૂજા કરવામાં આવતી હોય છે. ખાસ કરીને મહિલાઓને મા શૈલપુત્રીની પૂજા કરવાથી વિશેષ લાભ થાય છે. પ્રથમ નવરાત્રીથી જ હિંદુ નવવર્ષનો પ્રારંભ થાય છે.

ચૈત્રી નવરાત્રિમાં નવ દિવસ સુધી દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ખોડલધામ મંદિરે વિવિધ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરાયું છે.





ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના સ્વપ્નદ્રષ્ટા નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખોડલધામ મહિલા સમિતિ દ્વારા ચૈત્રી નવરાત્રિની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવશે. ચૈત્રી નવરાત્રિ દરમિયાન ખોડલધામ મંદિરે અલગ અલગ ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધ્વજારોહણ, યજ્ઞ, રાસ-ગરબા અને ધુન-કિર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો દરરોજ શ્રી ખોડલધામ મંદિર ખાતે કરવામાં આવશે.

ચૈત્રી નવરાત્રિના પ્રથમ નોરતે સવારથી સાંજ સુધી ખોડલધામ મહિલા સમિતિ-સુરેન્દ્રનગર અને મોરબીની મહિલાઓ દ્વારા ધ્વજારોહણ, યજ્ઞ, રાસ-ગરબા અને ધૂન-કિર્તન કરવામાં આવ્યા હતા. બપોરે મહિલા સમિતિની બહેનો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આજ રોજ ચૈત્રી નવરાત્રિનો પ્રથમ દિવસ હોય મોટી સંખ્યામાં ભાવિકો પણ મંદિરે દર્શનાર્થે ઉમટી પડ્યા હતા અને મા ખોડલના દર્શનનો લ્હાવો લઈ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# રેલનગર ખાતે સ્વામી શ્રી સત્સંગ ભુષણદાસજીની ઉપસ્થિતિમાં યોજાયેલ સત્સંગ સભામાં ઉપસ્થિત રહી દર્શન-સત્સંગનો લાભ લેતા પરશોતમભાઈ રૂપાલા

## કુસંગ માણસને બરબાદ કરે છે અને સત્સંગ માણસને આબાદ કરે છે. સત્સંગ થકી અંતઃકરણની શુધ્ધિ થાય છે : પરશોતમભાઈ રૂપાલા

રાજકોટ

શહેરના રેલનગર ખાતે સ્વામિનારાયણ રેસીડન્સી ખાતે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી સત્સંગ ભુષણદાસજીની ઉપસ્થિતિમાં યોજાયેલા સત્સંગ સભામાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ ઉપસ્થિત રહી દર્શન–સત્સંગનો લાભ લીધો હતો. આ સત્સંગ કાર્યક્રમ શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળ ધ્વારા યોજાવમાં આવેલ હતો.

આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, સંતોશ્રી સત્સંગ ભુષણ સ્વામી શ્રી સહબોધક સ્વામી, શ્રી ઘનશ્યામપ્રસાદ સ્વામી,



વાસુદેવભાઈ, શીવલાલભાઈ ભંડેરી, રાજેશભાઈ ભટ્ટ સહીત બહોળી સંખ્યામાં હરીભકતો ઉપસ્થિત રહયા હતા. આ તકે પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ કે ભગવાનશ્રી સ્વામિનારાયણ એ સમાજને વ્યસન મુકત કરીને મોટી કૃપા કરેલ છે. ભકિતની નવી વ્યાખ્યા પ્રસ્થાપિત કરી છે ત્યારે સત્સંગથી વિવેક આવે છે અને પ્રભુ કૃપા પ્રાપ્ત થાય છે. અંતમાં તેઓએ અનુરોધ કરતા જણાવેલ કે કુસંગ માણસને બરબાદ કરે છે અને સત્સંગ માણસને આબાદ કરે છે. જેમ કચરો કાઢવાથી ઘર ચોખ્ખું થાય છે, તેમ સત્સંગ થકી મન શુધ્ધ થાય છે.ત્યારે લોકશાહીના મહાપર્વમાં બહોળી માત્રામાં મતદાન કરી લોકશાહીના આ મહાપર્વને ઉજવવા ઉપસ્થિત સૌને અપિલ કરેલ હતી.

# રાજકોટની ઝનાના સહિત ૧૧ હોસ્પિટલોમાં ફાયર સેફટી મોકડ્રીલ યોજાઇ



રાજકોટ,

રાજકોટ મનપાની ચીફ ફાયર ઓફીસર આઇ.વી.ખેર અને ડે.ચીફ ફાયર ઓફીસર બી. જે. ઠેબાના માર્ગદર્શન હેઠળ શહેરની હોસ્પિટલો (૧) સદગુરુ હોસ્પિટલ કરણપરા મેઈન રોડ (૨) વિમાનું દવાખાનું, દુધસાગર રોડ, (૩) જનાના હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ, મોચી બજાર ચોક, (૪) રીજીયન ફુડ લેબોરેટરી, યુનિવર્સીટી રોડ, (૫) ભંભાણી હોસ્પિટલ, જંકશન પ્લોટ-૬નો ખુણો, (૬) વરસાણી હોસ્પિટલ, ૫-મનહર પ્લોટ, (૭) ડો.ભટ્ટ લેબોરેટરી, લોધાવાડ ચોક પાસે, (૮) શિવ હોસ્પિટલ, ૩૨- કરણપરા, (૯) ડો.કેશુભાઇ મહેતા આઇ હોસ્પિટલ, કરણપરા રોડ, (૧૦) અમૃતા હોસ્પિટલ, ૧૫૦ફુટ રીંગ રોડ, (૧૧) માર્વેલ હોસ્પિટલ, ૪૦ ફૂટ રોડ નંદનવન સોસાયટી મવડી, હાઇરાઇઝ બિલ્ડીંગ (૧) નંદનવન વિલા, સંતોષ પાર્ક, રૈયા રોડ તથા આસોપાલવ એપાર્ટમેન્ટ કોઠારીયા રોડ સાઈબાબા સર્કલ પાસે ફાયર સેફટી અંગે મોકડ્રીલ અને તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું.

# રાજકોટમાં જીઈબીઆના આર્થિક સહયોગ થકી જલમંદિરનું ખાતમુહૂર્ત

## ગીરગંગા પરિવાર ટ્રસ્ટના ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં સંખ્યાબંધ ઈજનેરો ઉપસ્થિત રહ્યા

રાજકોટ,

પીજીવીસીએલના ઈજનેરોના સૌથી મોટા સંગઠન જીઈબી એન્જિંનિયર્સ એસોસિએશન (જીબીઆ)ના આર્થિક અનુદાનથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટંના ઉપક્રમે કટારીયા ચોકડી, નવા ૧૫૦ ફૂટ રોગરોડ ખાતે જીબીઆ જલમંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તાજેતરમાં સેવાનિવળત્ત થયેલા જીબીઆના સેક્રેટરી જનરલ શ્રી બી.એમ. શાહના નિવળત્તિ વિદાયમાનની સ્મતિભેટ તરીકે અહી જલમંદિરનું નિર્માણ કરવામાં આવનાર છે. કાર્યક્રમ પ્રસંગે જીબીઆ પરિવારના સંખ્યાબંધ ઈજનેરો ઉપસ્થિત રહ્યા હતા.

જીઈબી એન્જિનયર્સ એસોસિએશન (જીબીઆ) દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે વખતોવખત અનેક સેવાકાર્યો હાથ ધરવામાં આવતા હોય છે. જેમાં દિવ્યાંગ બાળકો, વડીલો, ગરીબો વગેરેને ઉપયોગી ચીજોનું વિતરણ જેવી કામગીરીમાં અસંખ્યહ ઈજનેરો જોડાઈને સેવાયજ્ઞમાં પોતપોતાની આહૂતિ આપતા હોય છે.નોંધનીય છે કે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્ર માં લોકભાગીદારીથી જમીનના તળ ઊંચા લાવવાનું ભગીરથ અભિયાન ચાલે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ટ્રસ્ટા દ્વારા ૧૩૫થી વધુ ચેકડેમના રિપેરિંગ કે નવનિર્માણ કરવામાં આવ્યાં છે અને આવા ૧૧૧૧૧ ચેકડેમ તૈયાર કરવાનો સંકલ્પર જાહેર કરવામાં આવ્યોન છે.

આ તકે સર્વે બી.એમ. શાહ, પૂર્વ સેક્રેટરી, એ. ડી. હુલાણી, પૂર્વ વાઈસ પ્રેસીડેન્ટર, લીગલ, જીબીઆ, એચ. જી. વઘાસીયા, વાઈસ, એમ. એમ. કડછા, કે. એસ. કાતરીયા, જે. એલ. અમળતિયા, પી. પી. ભારદ્વાજ, જે. યુ. ભટ્ટ સહિતના અગ્રણી ઈજનેરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં ચૈત્રી નવરાત્રીમાં પ્રથમ દિને દર્શનાર્થે ભાવિકો ઉમટ્યા



વર્ષમાં ચાર નવરાત્રી આવે છે. જે મુજબ આજથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયો છે. માતાજીના ઉપાસકોએ ઘટ સ્થાપન કરી પૂજા અર્ચના કરી હતી. આજથી નવ દિવસ સુધી ગરબા, સ્તુતી, મંત્ર, પાઠ પૂજાનો ધમધમાટ જોવા મળશે. ખાસ કરીને શહેરભરમાં આવેલ માતાજીના મંદિરોને અનેરા શણગાર કરવામાં આવ્યાદ છે. જેમાં પેલેસ રોડ પર આવેલ શ્રી આશાપુરા માતાજીના મંદિરે વિશેષ શણગાર સાથે પૂજન અર્ચનના કાર્યક્રમો આયોજીત થયા છે. પ્રથમ નોરતે શ્રી આશાપુરા માતાજીના મંદિર પેલેસ રોડ ખાતે દર્શનાર્થે ઉમટેલ ભાવિક ભકતો ઉમટ્યા હતા.

# રાજકોટમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમે માનસિક અસ્વસ્થ યુવતીનું પરિવાર સાથે મિલન કરાવ્યું

રાજકોટ,

રાજકોટમાં એક જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનમાં ફોન કરી જણાવેલ કે, એક યુવતી ન્યુ જાગનાથ રોડ પાસે બોપોરથી એકલી બેઠી છે. તે માનસિક અસ્વસ્થ હોય તેમ લાગે છે. જાણ થતાં જ ૧૮૧ના કાઉન્સેલર વૈશાલી ચૌહાણ, કોન્સ્ટેબલ સેજલબેન, પાઈલોટ મયુરભાઈ ઘટના સ્થળે પહોંચ્યા હતા.કાઉન્સેલરે યુવતીની સાથે શાંતચીત સ્વભાવે પૂછપરછ કરેલ. તેમનું નામ, સરનામુ જાણવાના પ્રયત્ન કરેલ. પરંતુ યુવતીને તેનું નામ પણ યાદ નહોતું. કુશળ કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું કે, યુવતી તેના પતિને મળવા માટે નીકળી હતી. પતિ જૂનાગઢ રહે છે અને માવતર રાજકોટ છે. વિશ્વાસ કેળવી વધુ પૂછપરછ કરતા યુવતીએ તૃટક તૃટક સરનામું યાદ કરતા ૧૫૦ ફૂટ રોડ, ૪૦ ફૂટ રોડ અને એક ફ્લોર મીલ વિશે વાત કરી.



અહીં આવી સ્થાનિક લોકો અને આજુબાજુની સોસાયટીમાં પૂછપરછ કરેલ. અંતે યુવતીના પાડોશી મળી આવેલ. તેણે યુવતીનું ઘર બતાવેલ યુવતીના ઘરે તેના માતા અને ભાભી હાજર હતા. માતાએ જણાવ્યા મુજબ, તેની દીકરી ૬ વર્ષથી માનસિક બીમાર છે, સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલુ છે. તેના છૂટાછેડા થઈ ગયા છે. છતાં પતિની શોધમાં વારંવાર ઘરેથી નીકળી જાય છે.

યુવતીએ છેલ્લા પાંચ દિવસથી દવા લીધેલ નહોતી. પતિને મળવાની જીદ કરતા, માતા સાથે ઝઘડો કર્યો અને પછી કોઈનું ધ્યાન ન હોય તેમ ઘર છોડીને નીકળી ગયેલ હતી. ૧૮૧ની ટીમે યુવતીનું કાળજી પૂર્વક ધ્યાન રાખવા તેમના માતાને સમજણ આપી હતી. નિયમિત દવા આપવાનું જણાવેલ. આમ, યુવતીને તેની માતાને સુરક્ષિત સોપેલ હતી. પરિવારે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમનો આભાર વ્યકત કરી કામગીરીને બિરદાવી હતી.

# 'મોદી સભા'ના માધ્યમથી કેન્દ્ર અને રાજયની ભાજપ સરકારના પ્રજાલક્ષી કાર્યો અને પાર્ટીની રાષ્ટ્રવાદી વિચારધારાને જન-જન સુધી પહોંચાડવામાં આવશે : મુકેશભાઈ દોશી

## શહેર ભાજપ ધ્વારા રાજકોટ લોકસભા ચુંટણી મધ્યસ્થ કાર્યાલય ખાતે આગામી અનેકવિધ ચૂંટણીલક્ષી કાર્યક્રમોની પૂર્વ તૈયારી અંતર્ગત બેઠક યોજાઈ : માર્ગદર્શન આપતા મુકેશભાઈ દોશી, ધનસુખ ભંડેરી

રાજકોટ

ભારતીય જનતા પાર્ટી ,રાજકોટ લોકસભા મધ્યસ્થ કાર્યાલય ખાતે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની અધ્યક્ષતામાં અને સાંસદ મોહનભાઈ કુંડારીયા, ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરી, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં સંગઠનાત્મક અને ચૂંટણીલક્ષી કાર્યક્રમો ના પ્રચાર–પ્રસાર અંતર્ગત બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં શહેરના હોદેદારો, તમામ વોર્ડના ભાજપના વોર્ડપ્રભારી–પ્રમુખ, મહામંત્રી, કોર્પોરેટરો, મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ તેમજ અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ સહિતના ઉપસ્થિત રહયા હતા. આ બેઠકમાં માર્ગદર્શન આપતા મુકેશભાઈ દોશીએ ઉપસ્થિત કાર્યકર્તાઓને ઘેર–ઘેર સંપર્ક તથા ભાજપના સ્થાપના દિવસ અંતર્ગત ઘેર–ઘેર ઝંડો લગાવવાના કાર્યક્રમની સફળતા બદલ અભિનંદન પાઠવતા જણાવેલ કે ગણતરીના દિવસોમાં લોકસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે ત્યારે રાજકોટ શહેર ભાજપ ધ્વારા પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બને તે માટે અનેકવિધ કાર્યક્રમો યોજાનાર હોય આ તમામ કાર્યક્રમોની પૂર્વતૈયારીના ભાગરૂપે રૂપરેખા ઘડેલ હતી. જેમાં તા.૮ થી તા.૧૬ એપ્રિલ દરમિયાન શહેરી ચારેય



વિધાનસભામાં ૮૫થી વધુ 'મોદી પરિવાર' સભા યોજવામાં આવશે જેમાં શહેરના ૧૮ વોર્ડમાં ૧૦૩૭ બુથ અને ૩૦૦થી વધુ શકિતકેન્દ્રોને આવરી લેવામાં આવશે. આ 'મોદી સભા' ના માધ્યમથી કેન્દ્ર અને રાજયની ભાજપ સરકારના પ્રજાલક્ષી કાર્યો અને પાર્ટીની રાષ્ટ્રવાદી વિચારધારાને જન–જન સુધી પહોંચાડવામાં આવશે. આ તકે ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરીએ ઉપસ્થિત કાર્યકર્તાઓને લોકસભા ચૂંટણી અંતર્ગત વિવિધ ચૂંટણીલક્ષી સંગઠનાત્મક કાર્યો અંતર્ગત પરીશ્રમની પરાકાષ્ઠા સર્જી સફળ બનાવવા જરૂરી દિશા સૂચન કરેલ હતું.

# ધ્રોલમાં રૂપાલાના વિરોધમાં રાજપૂત સમાજની વિશાળ રેલી

## રોષભેર નીકળેલ વિશાળ રેલીમાં રાજપૂતની સાથે અન્ય સમાજની મહિલાઓ પણ જોડાઈ આવેદન પાઠવ્યું


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાએ કરેલ ટિપ્પણીના વિરોધમાં ગઈકાલે રાજપૂત સમાજના ભાઈઓ તથા બહેનો દ્વારા વિશાળ રેલી યોજવામાં આવી હતી અને તેઓની ટિકિટ રદ કરવાની માંગણી સાથે આવેદન પાઠવ્યું હતું.ધ્રોલમાં કરણી સેનાના રાજકોટના મહિલા પાંખના અધ્યક્ષ પદમિનીબા વાળા, જામનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમન હર્ષાબા જાડેજા, નયનાબા જાડેજાની આગેવાનીમાં વિશાળ સંખ્યામાં રાજપૂત સમાજ અને અન્ય સમાજોની મહિલાઓએ રેલી કાઢી મામલતદારને પાઠવેલા આવેદન પત્રમાં જણાવ્યું છે કે, થોડા દિવસો પહેલાં કેન્દ્રિય મંત્રી રૂપાલાએ રાજકોટ ખાતે જાહેર સભામાં સમગ્ર વિશ્વમાં વસતા ક્ષત્રિય સમાજ વિરૂધ્ધ અને સમાજની લાગણીને ઠેસ પહોંચે તે રીતે વાણીવિલાસ આચરી સમાજની લાગણી દુભાવેલ છે. ક્ષત્રિય સમાજના આત્મ સન્માનનું અપમાન કરેલ છે. તેનાથી ક્ષત્રિય સમાજમાં ખૂબ જ આક્રોશ વ્યાપેલો છે. પુરૂષોત્તમભાઈ રૂપાલાએ ક્ષત્રિય સમાજની લાગણી દૂભાવેલ છે. તેઓની તાત્કાલિક અસરથી લોકસભાની ટિકિટ રદ કરવા તથા તે બાબતે લગત પોલીસ સ્ટેશનમાં તેઓ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા તથા ચૂંટણી પંચ સમક્ષ પણ તેઓ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા ક્ષત્રિય સમાજની દ્રઢ માંગણી છે. જો પુરૂષોત્તમભાઈ રૂપાલાની ટિકિટ રદ નહીં થાય તો સમગ્ર ક્ષત્રિય મહિલા સમાજ તથા રાજપૂત સમાજ ભાજપનો ચૂંટણી પ્રચારનો બહિષ્કાર કરશે તેવી આવેદનપત્રમાં ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## જામનગરમાં પોલીસ તથા આર્મી લખેલું બોર્ડ લગાવી ખોટી ઓળખ ઉભી કરનાર કાર ચાલકની અટકાયત




જામનગર : જામનગરમાં સાત રસ્તા સર્કલ વિસ્તારમાં ગઈકાલે ટ્રાફિક શાખા દ્વારા ડ્રાઈવ રાખવામાં આવી હતી. જે દરમિયાન ખંભાળિયાનો એક કાર ચાલક પોતાની કારના ડેસ્ક બોર્ડ પર પોતે કોઈપણ પ્રકારનો પોલીસ અથવા આર્મીનો રાજય સેવક ન હોવા છતાં તેની ખોટી ઓળખ ઉભી કરી ડેસ્કબોર્ડ પર પોલીસ અને આર્મી લખે સૂત્ર લગાવીને નીકળતાં પોલીસે તેની અટકાયત કરી છે. જ્યારે તેની સામે રાજય સેવકની ખોટી ઓળખ ઉભી કરવા અંગે ગુનો નોંધવામાં આવ્યો છે.

જામનગરની ટ્રાફિક શાખાના પી. આઇ. એમ. બી. ગર્જ્જર તથા પી.એસ.આઇ. બી. જે. તીરકર તથા ટ્રાફિક શાખાના અન્ય સ્ટાફ દ્વારા ગઈકાલે સાંજે સાત રસ્તા નજીક પેટ્રોલીંગમાં હતા. જે દરમિયાન સર્કલ પાસે પુલના નીચેના ભાગે એક શકાસ્પદ ઈસમ કાળા કાચ વાળી બ્લેક કલરની કારમાં આગળના ડેસ્કબોર્ડ ના ભાગ પર પોલીસ લખેલું બોર્ડ મૂકેલું હોય, જે અંગે પૂછપરછ કરતાં પોતે પોલીસ અથવા કોઈ રાજય સેવક ન હોવા છતાં પોલીસ તરીકેની ખોટી ઓળખ ઊભી કરી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. આથી પોલીસે કાર ચાલકને અટકાયતમાં લીધો હતો, અને તેનું નામ પૂછતાં તેણે પોતાનું નામ સિધ્ધરાજસિંહ જગતસિંહ ચાવડા અને ખંભાળિયામાં યોગેશ્વરનગર વિસ્તારમાં રહેતો હોવાનું જણાવ્યું હતું. પોલીસ દ્વારા ઉપરોક્ત કાર કબજે કરી લેવામાં આવી છે, અને તેની સામે જામનગરના સીટી સી ડિવિઝનપોલીસ સ્ટેશનમાં ટ્રાફિક શાખાના પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રતિપાલસિંહ સોઢાએ ફરિયાદ નોંધાવી હતી.

# લાલપુરમાં રૂપાલાના વિરોધમાં લાગ્યા બેનરો




જામનગર : રાજકોટ લોકસભા ભાજપ બેઠકના પુરૂષોત્તમભાઈ રૂપાલાએ એક કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજ અંગે ટિપ્પણી કરી હતી. જેને લઈ સમગ્ર ગુજરાતના ક્ષત્રિય સમાજમાં હોબાળો મચી ગયો છે અને તેમની ટિકિટ કાપવા માટે વિરોધ પ્રદર્શન ચાલી રહયા છે. તેવામાં જામનગર જિલ્લાના લાલપુરમાં પણ ક્ષત્રિય સમાજમાં રોષ ભભૂક્યો છે અને ગામમાં બેનરો લગાવવામાં આવ્યા છે. રૂપાલાએ કરેલ ટિપ્પણીના પડઘા લાલપુરમાં પણ પડયા છે. ત્યારે લાલપુર ખાતે જ્યાં સુધી રૂપાલાની ટિકિટ રદ ન થાય ત્યાં સુધી લાલપુરમાં ક્ષત્રિય પરિવારના ઘરે પ્રચાર પ્રસાર કરવા જવું નહીં તેવી સ્પષ્ટ સુચના સાથેની સૂચના આપી દીધી છે.

## જામનગરમાં અજ્ઞાત પુરુષનો મૃતદેહ સાંપડ્યો

જામનગર : જામનગરના ત્રણ બત્તી વિસ્તારમાંથી એક અજ્ઞાત પુરુષ બેશુદ્ધ અવસ્થામાં મળી આવ્યો હતો. જેને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં પહોંચાડતાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

ત્રણબત્તી વિસ્તારમાં ૪૫ વર્ષની વયનો એક અજ્ઞાત પુરુષ કે જે ભિક્ષુક જેવો લાગતો હતો, અને બેશુદ્ધ અવસ્થામાં પડ્યો હતો. જે બનાવવાની ૧૦૮ની ટીમને જાણ કરાતાં ૧૦૮ની ટુકડી ઘટના સ્થળે આવી પહોંચી હતી, અને અજ્ઞાત પુરુષને જી.જી. હોસ્પિટલમાં પહોંચાડતાં તેને શ્વાસની તકલીફ હોવાથી હૃદય બંધ પડી ગયું હતું અને તેનું મૃત્યુ નીપજયાનું જાહેર કરાયું હતું. આ બનાવ અંગે જી. જી. હોસ્પિટલના તબિબ ડો. સુગત રાઠોડ દ્વારા પોલીસને જાણ કરાતાં સીટી બી. ડિવિઝનનો પોલીસ સ્ટાફ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો હતો, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

## કલ્યાણપુરના નાવદ્રા ગામે પવનચકકીમાં આગ ભભૂકી ઉઠી

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાબેના નાવદ્રા ગામે આવેલી એક પવનચકકીના ઉપરના ભાગે ગઈકાલે એકાએક આગ ભભૂકી ઉઠી હતી અને દૂર દૂર સુધી આગના ધૂમાડાઓ દેખાવા લાગ્યા હતા.


તસવીર: રાકેશ સામાણી

સ્થાનિક સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના નાવદ્રા ગામે વિન્ડ ફાર્મને લગતી કંપનીની ઉભી કરવામાં આવેલી કેટલીક પવનચક્કીઓ પૈકી એક પવનચક્કીમાં આજે બપોરના સમયે કોઈ કારણોસર એકાએક આગ લાગી હતી. દરિયાકાંઠાના વિસ્તારમાં રહેલી આ પવનચક્કીની ઉપરના ભાગે લાગેલી આ આગના ધુમાડા દુર સુધી જોવા મળ્યા હતા. આગનું કોઈ ચોક્કસ કારણ બહાર આવ્યું નથી.

# જામનગરમાં લોકસભા ચુંટણીને અનુલક્ષીને શાંતિ સમિતિની બેઠક યોજાઈ


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા આગામી સમયમાં લોકસભા ચુંટણી અન્વયે સમગ્ર જામનગર જિલ્લામાં કાયદો વ્યવસ્થા તેમજ શાંતિની પરિસ્થિતિ જળવાઈ રહે તેના અનુસંધાને શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. તેમજ નાગરિકો અને સમાજમાં સૌહાર્દ બની રહે તે માટે જરુરી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

## દ્વારકામાં અમાસે ગોમતી સ્નાન કરવા યાત્રિકો ઉમટયા

દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં ગઈકાલે સોમ વતી અમાવસ્યાના દિવસે યાત્રિકોનું ઘોડાપૂર ઉમટયું હતું. સવારે ગોમતી સ્નાન કરવામાં તેમજ ઠાકોરજીના દર્શન કરવામાં મોટી ભીડ જામી હતી.

દ્વારકા યાત્રાધામમાં ગઈકાલે સોમવતી અમાવસ્યાના પાવન અવસરે ઠાકોરજીના દર્શન કરવા હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટયા હતા. સોમવાર અને અમાસના પાવન અવસરે હજારો ભાવિકોએ દ્વારકાની પવિત્ર ગોમતી નદીના સ્નાન કરી પૂણ્યનું ભાથું બાંધ્યા બાદ વહેલી સવારથી જ છપ્પન સીડીએ સ્વર્ગ દ્વારા તેમજ મોક્ષ દ્વારથી જગતમંદિરમાં પ્રવેશી


તસવીર: રાકેશ સામાણી

કાળિયા ઠાકોરજીના દિવ્ય દર્શન નિહાળી ભાવવિભોર થયા હતા.પૂનમના પવિત્ર ગોમતી સ્નાન બાદ ઠાકોરજીના દિવ્ય દર્શન નિહાળવાની પરંપરા અનુસાર વહેલી સવારથી જ હજારો ભાવિકો મંગલા દર્શને ઉમટયા હતા.સવારે શૃંગાર આરતીએ ઠાકોરજીને ગુલાબી વાઘા અને દિવ્ય અલંકાર સાથેના વિશિષ્ટ શૃંગાર પુજારી પરિવાર દ્વારા કરાયા હતા.જે દર્શનનો લાભ હજારો ભાવિકોએ પ્રાપ્ત કર્યો હતો.

## જામનગરમાં પરણીતાનો રહસ્યમય સંજોગોમાં ગળાફાંસો ખાઈ આપઘાત

જામનગર : જામનગરમાં નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતી એક પરણીતા એ ગઈકાલે પોતાના ઘેર રહસ્યમય સંજોગોમાં ગળાફાંષા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.આ બનાવની વિગત એવી છે કે, જામનગરમાં નવાગામ ઘેડ વિસ્તારમાં એક ખાનગી સ્કૂલની પાછળના ભાગમાં રહેતી અંકિતાબેન પ્રશાંતભાઈ સંચાણીયા નામની ૨૪ વર્ષની પરણીતા કે જેણે ગઈકાલે પોતાના ઘેર પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આથી તેણીના પતિ પ્રશાંત કિશોરભાઈ સંચાણીયા એ સૌપ્રથમ ૧૦૮ની ટીમને જાણ કરતાં ૧૦૮ની ટુકડી ઘટના સ્થળે દોડી આવી હતી અને ફરજ પરના તબીબે અંકિતાબેનનું મૃત્યુ થયું હોવાનું જાહેર કર્યું હતું.

ત્યારબાદ આ બનાવ અંગે પોલીસને જાણ કરાતાં સિટી બી ડિવિઝનના પી.એસ.આઈ. આર. પી. અંસારી બનાવના સ્થળે પહોંચી ગયા હતા અને અંકિતાબેનના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે. અને તેણીએ કયા સંજોગોમાં આપઘાતનું પગલું ભરી લીધું છે તે જાણવા માટે પોલીસે મૃતકના પતિ સહિતના અન્ય પરિવારજનોના નિવેદનો નોંધવાનું શરૂ કર્યું છે.

# કાલાવડ પંથકમાં કપાસની ખરીદી દરમિયાન જોખમાં ગોલમાલ થતી હોવાનું તરકટ ઝડપાયું

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટા ભાડુકીયા ગામે ખેડુતો પાસેથી કપાસ ખરીદી કરવા આવેલા કપાસના વેપારી વતી ખરીદી કરવા આવેલા માણસો દ્વારા જોખમાં દગો થતું હોવાની શંકા જતાં ઉશ્કેરાયેલા ખેડુતો દ્વારા માણસોની આકરી પુછપરછ બાદ શરૂઆતમાં આનાકાની પછી તેઓની કથિત કબુલાત સામે આવ્યા બાદ વેપારીને જાણ કરવામાં આવતા આ મામલે સેટલમેન્ટ થયું હતું તેથી મામલાની પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.



સામાન્ય રીતે યાર્ડમાં જઈને માલને વેંચવા માંગતા ખેડુતો પાસે ટ્રક લઈ જઈને અમુક વેપારીઓ દ્વારા માલ ઉપડાવીને રોકડ નાણા ચુકવી દેવામાં આવતા હોય છે. આ વ્યવસ્થા મુજબ કાલાવડના મોટા ભાડુકીયા ગામે છેલ્લા ૩ દિવસથી કપાસની ખરીદી કરવામાં

આવી રહી હતી. જેમાં ગઈકાલે રવિવારે કોઈને કપાસના જોખમાં દગો થતો હોવાની શંકા જતાં માલ જોખી રહેલા વેપારીના માણસોની આકરી પુછપરછ કરી હતી. જે બાદ જોખમાં દર ૨૦ કીલોએ ૪ કીલોનો ગોટાળો થતો હોવાની કથિત કબુલાત આપતા વેપારીને જાણ કરવામાં આવી હતી. તેથી ગોંડલ પંથકના વેપારી મોટા ભાડુકીયા ગામે પહોંચ્યા હતા. જયાં ગામના ખેડુતોની ઉપસ્થિતિમાં સેટલમેન્ટના નાણા ચુકવાતા સમાધાન થતાં પોલીસમાં મામલો પહોંચ્યો ન હતો. આ બનાવથી કાલાવડ પંથકમાં ચકચાર વ્યાપી જવા પામી છે. ઘટનાના વીડીઓ પણ વાયરલ થયા છે.

## જામનગરમાં સગીર પાસે બાળ મજૂરી કરાવનાર હોટલ સંચાલકની અટકાયત

જામનગર : જામનગરના બેડી ગેઈટ વિસ્તારમાં આવેલી એક ચાની હોટલમાં સગીરવયનો બાળક કામ કરતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો, અને બાળમજૂરી કરી રહેલા એક બાળકને મુક્ત કરાવ્યો છે, જ્યારે હોટલ સંચાલકની સામે ગુનો નોંધી તેની અટકાયત કરી લેવામાં આવી છે.જામનગરના પોલીસના એ.એચ.ટી.યુ. વિભાગના પોલીસ ઈન્સ્પેકટર એન.ડી. સોલંકી અને તેમના સ્ટાફને ચોક્કસ માહિતી મળી હતી, કે જામનગરમાં બેડી ગેઈટ પાસે આવેલી હોટલ મનસુખ ભારથી નામની ચા ની હોટલમાં નાના બાળકને કામે રાખીને બાળમજૂરી કરાવી બાળકનું શારીરિક તેમજ આર્થિક શોષણ કરવામાં આવે છે. જે માહિતીના આધારે એ. એચ. ટી.યુ. ની પોલીસ ટીમે દરોડો પાડયો હતો. જયાં ૧૬ વર્ષથી નાની વયનો સગીર બાળક કામ કરી રહેલો મળી આવ્યો હતો. જેથી બાળકના વાલીને સ્થળ પર બોલાવી તેનો કબજો સોંપી દઇ ફરીથી બાળકને કામે નહીં મોકલવા સૂચન કર્યું હતું. ઉપરાંત હોટલના સંચાલક ગોગન ઉકાભાઈ બોસરિયા સામે જુવેનાઇલ જસ્ટિસ એક્ટ ૨૦૧૫ની કલમ ૭૯ મુજબ કાર્યવાહી કરી તેની અટકાયત કરી લેવામાં આવી છે.

## દ્વારકામાં ઈંગ્લીશ દારૂની ૩૪ બોટલ સાથે શખ્સ ઝડપાયો

દ્વારકા : દ્વારકામાં નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતાં એક શખ્સ દારૂનું વેચાણ કરતો હોય જેથી પોલીસે દરોડો પાડયો હતો. અને ખાડામાં છૂપાવવામાં આવેલ ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડી આરોપીની અટકાયત કરી હતી. જયારે દારૂ સપ્લાય કરનાર શખ્સને ફરારી જાહેર કરવામાં આવ્યો છે.

આ બનાવની વિગત એવી છે કે, દ્વારકામાં નરસંગ ટેકરી વિસ્તારમાં આવેલ ફૂલવાડી ચોકમાં રહેતો કરણ ઉર્ફે કનુ ટપુભા સુમણિયા નામનો શખ્સ દારૂનું વેચાણ કરતો હોય, તેવી બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. એક ખાડામાં છૂપાવવામાં આવેલ ૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ પકડી પાડયો હતો. આ બનાવમાં આરોપી કરણ સુમણિયાની અટકાયત કરવામાં આવી છે.

પોલીસે દારૂનો જથ્થો કયાંથી પ્રાપ્ત કર્યો ?તે અંગેની પૂછપરછમાં આરોપીએ દારૂનો આ જથ્થો દ્વારકાના નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતાં મુળુભા ઉર્ફે મોડભા મેરૂભા માણેક પાસેથી મેળવ્યો હોવાનું જણાવતાં પોલીસે સપ્લાયરને ફરારી જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

# જામનગરનાં એમ પી શાહ ઉદ્યોગનગરમાં ભંગારના વાડામાં આગ ભભૂકી


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં એમ. પી. શાહ ઉદ્યોગ નગર વિસ્તારમાં આવેલા ભંગારના એક વાડામાં આજે સવારે સવા સાતેક વાગ્યાના અરસામાં અકસ્માતે આગ લાગી હતી, અને ભંગારના વાડામાં રાખવામાં આવેલા પ્લાસ્ટિકના ડબલા, પૂઠા, પ્લાસ્ટિક બેરલ, તથા અન્ય ભંગારનો સામાન વગેરે સળગ્યો હતો અને આગના લબકારાઓ આસપાસના વિસ્તારમાં દેખાતા હતા. આ બનાવ અંગે ભંગારના વાડા ના સંચાલક યોગેન્દ્રભાઈ એચ સંઘિએ ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર શાખાની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને જુદા જુદા પાણીના બે ટેક્રરો વડે પાણીનો મારો ચલાવી, સમયસર આગને કાબુમાં લઈ લેતાં ભંગારના વાડામાં આગ વધુ પ્રસરતી અટકી હતી.

# સમાજે ઉદાર દિલ રાખી માફી આપી દેવી જોઈએ : રાજવી માંધાતા સિંહ

## સંવાદથી સમાધાનની અપીલ કરતા માંધાતાસિંહ જાડેજા, વિવાદિત નિવેદન અંગે દુઃખ વ્યક્ત કર્યુ, જોહર વિષયક વિચાર દૂર કરવા સમાજની બહેનોને વિનંતી, રાષ્ટ્રહિતનો વિચાર કરવા સાર્વત્રિક અપીલ

રાજકોટ,

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગણી સાથે ક્ષત્રિય સમાજ દ્વારા ચાલી રહેલ આંદોલન વચ્ચે આજે રાજકોટના રાજવી માંધાતાસિંહ જાડેજાએ ‘નરો વા કુંજરો વા’ જેવું વલણ અપનાવી આ સમગ્ર વિવાદમાં સંવાદથી સમાધાનનો રસ્તો કાઢવા ભાજપના નેતાઓ અને ક્ષત્રિય સમાજને અપીલ કરી હતી સાથો સાથ વડાપ્રધાન મોદીને ફરી વડાપ્રધાન બને તે જોવાનું પણ કહ્યું હતું.

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ કરેલા વિવાદ નિવેદન અંગે રાજકોટના રાજવી માંધાતાસિંહ જાડેજા દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, પરષોત્તમ રૂપાલા દ્વારા જે નિવેદન કરાયું છે તેનાથી હું બહુ દુખી થયો હતો. પરંતુ આમરા સમાજના આગેવાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને કેસરીદેવસિંહ ઝાલા સહિતનાઓએ પણ આ અંગે વાત કરી હતી. પરષોત્તમ રૂપાલાએ માફી પણ માંગી છે. જાહેર હિતમાં હું ક્ષત્રિય સમાજ અને ભાજપનું સુખમય સમાધાન આવે તે બાબતે વિનંતી કરૂ છું.



તેઓએ જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજની બહેનોએ જાહેરમાં વિરોધ કરવો પડે તે બાબતનું રંજ છે. રેલી સ્વરૂપે, આવેદન આપી ક્ષત્રિય સમાજ પોતાનો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. જાહેર હિતમાં હું ક્ષત્રિય સમાજ અને ભાજપને સુખમય સમાધાન આવે તે બાબતે વિનંતી કરૂ છું.

જોહર વિષયક વિચાર દૂર કરવા રાજકોટના રાજવી તરીકે વિનાંતી કરું છું.તેઓએ જણાવ્યું હતું કે, નજ્ઞસમાજના આગેવાનો અને કમિટીના સભ્યો તો મને કહે છે તો સરકાર અને સમાજ વચ્ચે હું તેમનો મધ્યસ્થ બનીશ. કઈ રીતે આનો અંત આવે તેઓ પ્રયાસ કરીશ. સમાજના આગેવાનો અને ક્ષત્રીય સમજના કમિટીના સભ્યો સરકાર સાથે વધુ એક વખત બેઠક કરવી અને બેઠકમાં આમનો કોઈ નિરાકરણ આવે.

તેમણે જણાવ્યું હતું કે, સામાજીક એકતા-અખંડિતતા અતુટ રહે અને વૈમનસ્ય ફેલાય નહીં તેનું સૌએ ધ્યાન રાખવું જોઈએ. અત્યાર સુધી કાયદો-વ્યવસ્થા હાથમાં લીધા વગર ક્ષત્રિય સમાજે જે શિસ્ત રાખી છે તે ભવિષ્યમાં પણ રાખે તેવી અપીલ છે આ સમય વાદ-વિવાદ, આક્ષેપો-પ્રતિઆક્ષેપો કરવાનો નહીં પરંતુ સંવાદથી આગળ વધવાનો છે માત્ર રાષ્ટ્રહિત ધ્યાને લેવું જરૂરી છે.

# રાજકોટ સતત બીજા દિવસે આકારો તાપ: ૪૧ ડિગ્રી તાપમાન



રાજકોટ,

રાજકોટ શહેરમાં ગઈકાલે ૪૧ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયા બાદ હવે ઉનાળાએ અસલી રંગ દેખાડવાનું શરૂ કરી દિધુ છે.દરમ્યાન આજે પણ સતત બીજા દિવસે રાજકોટ શહેરમાં અંગ દઝાડતી લૂં સાથે આકરો તાપ અનુભવાયો હતો. આજે બપોરે ૨.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૪૦.૨ ડિગ્રી નોંધાવા પામ્યું હતું.

જયારે હવામાં ભેજ ૧૩ ટકા રહ્યો હતો. અને પવનની ઝડપ ૮ કી.મી પ્રતિકલાક રહેવા પામી હતી. આમ આજે પણ રાજકોટમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને આંબી જવાની પૂરી શકયતા છે.

આ ઉપરાંત આજરોજ સવારે ૮.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૨૮.૪ ડિગ્રી નોંધાયુ હતું. અને લગુત્તમ તાપમાન ૨૨.૭ ડિગ્રી નોંધાયુ હતું.જયારે સવારે હવામાં ભેજ ૫૬ ટકા રહ્યો હતો. અને પવનની ઝડપ ૧૦ કી.મી.રહી હતી.

# રાજકોટ મનપા ફૂડ વિભાગના દરોડામાં છ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કર્યો : લાઈસન્સ અંગે નોટિસ

## મસાલા માર્કેટમાં કડક ચેકિંગ અલગ અલગ લૂઝ મસાલાના ૨૬ નમુના લઈ લેબમાં મોકલાયા

રાજકોટ,

રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા અગાઉ લેવામાં આવેલ લૂઝ ઘીના સેમ્પલનો રિપોર્ટ આજરોજ ફેઈલ આવતા બન્ને ઘીના વેપારીઓ સામે એજયુબીકેશન કાર્યવાહી હાથ ધરી હતી રિપોર્ટમાં જણાવ્યા મુજબ સુધ્ધ ઘીમાં તલનું તેલ અને હળદરની બેળસેળ કરી વેચાણ કરવામાં આવતું હતું. તથા ફૂડ વિભાગે આજે અલગ અલગ મસાલા માર્કેટોમાં વેચાતા લૂઝ મસાલાના ૨૬ સેમ્પલ લઈ પૃથકરણ અર્થેલેબમાં મોકલી આપ્યા હતાં તેમજ રામાપીર ચોકડીએ લક્ષ્મીરેસ્ટોરન્ટમાંથી ૬ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કરી



ફૂડ લાયસન્સ અંગે નોટીસ આપવામાં આવી હતી.

ફૂડ વિભાગ દ્વારા મહેશ કુંજ, રણછોડનગર -૫ કોર્નર, વેકરીયા રોડ, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ શુધ્ધ ઘી(લુઝ)નો નમૂનો તપાસ બાદ પુથ્થકરણ રિપોર્ટમાં ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ), તીલ ઓઈલ તથા હળદર ની હાજરી મળી આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે. ફૂડ વિભાગ દ્વારા ક્રિષ્ના ડેરી ફાર્મ, અંકુરનગર મે. રોડ, મવડી પ્લોટ, રાજકોટની પેઢીમાંથી માલવિયા પોલીસ સ્ટેશન દ્વારા જપ્ત કરાયેલના જથ્થામાંથી લેવામાં આવેલ ખાદ્યચીજ શુધ્ધ ઘી(લુઝ)નો નમૂનો તપાસ બાદ પુથ્થકરણ રિપોર્ટમાં ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ) તથા હળદર ની હાજરી મળી આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે. સર્વેલન્સ ચેકિંગ દરમિયાન લક્ષ્મી રેસ્ટોરેન્ટ, રામાપીર ચોકડી, રાજકોટની તપાસ કરતાં સ્થળ પર સંગ્રહ કરેલ પ્રિપેર્ડ ફૂડ વાસી અખાદ્ય જણાતા કુલ ૦૬ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ સ્ટોરેજ અને હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ હતી.

# રાજકોટ ટૂર્સ ટ્રાવેલ્સ સંચાલકની કાર બે મિત્રોએ માંગી લઈ જઈ ગીરવે મુકી દીધી

## લગ્નમાં મહેમાનોને તેડવા મુકવા માટે જરૂર છે તેમ કહીને લઈ ગયા બાદ પાછી જ ન આપી

રાજકોટ,

રાજકોટ ભીડભંજન સોસાયટીમાં રહેતાં અને ટુર્સ ટ્રાવેલ્સ નું કામ કરતાં યુવાન પાસેથી તેના જ બે મિત્રો લગ્નમાં ઉપયોગમાં લેવાના બહાને ૯ લાખની અર્ટીગા કાર માંગીને લઈ ગયા બાદ બંનેએ લક્ષ્મીવાડીના શખ્સલ સાથે મળી કાર બારોબાર સગેવગે કરી દેતાં આ મામલે ઠગાઈની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ગોપાલ ચોક ભીડભંજન સોસાયટી-૪ સૂર્યવંશી ખાતે રહેતાં અને ઘરે બેઠા સૂર્યદિપ ટૂર્સ એન્ડટ ટ્રાવેલ્સન નામે કામ કરતાં યજ્ઞરાજસિંહ નનકુભાઈ બસીયા (ઉ.વ.૩૩)ની ફરિયાદ પરથી કેવડાવાડીમાં રહેતાં તેના જ મિત્ર લક્કી ઠક્કર, વિષ્ણુ વિહારના દિવ્યુરાજસિંહ ઈન્દુ ભા ઝાલા અને કેનાલ રોડ લક્ષ્મવાડી-૭/૧૬માં રહેતાં સંજયસિંહ મહેન્દ્ર સિંહ ઝાલા વિરૂધ્ધ? આઈપીસી ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ નવ લાખની કાર મિત્રતાના નાતે લઈ ગયા બાદ બારોબાર આપી દઈ સગેવગે કરી ઠગાઈ કર્યાનો ગુનો નોંધ્યોવ છે.

યજ્ઞરાજસિંહે જણાવ્યું છે કે હું ટૂર ટ્રાવેલ્સ નું કામ કરતો હોઈ મારી તથા મિત્ર સર્કલની મળી દસ જેટલી કાર ભાડે આપુ છું. ૧૯/૧/૨૪ના સવારે સાડા દસેક વાગ્યેક મારા મિત્ર લક્કી ઠક્કર અને દિયરાજસિંહ ઝાલાએ મારી પાસે આવી વાત કરી હતી કે ચારેક દિવસ માટે એક કાર લગ્નમાં મહેમાનને તેડવા મુકવા માટે જોઈએ છે. લક્કીએ કહેલું કે બપોર પછી આ કાર દિવ્યમરાજસિંહ લઈ જશે. ત્યાવરબાદ દિવ્ય.રાજસિંહ સાંજે સાડા ચારેક વાગ્યો આવેલ અને મેં તેને જીજે૩૮બીસી-૦૫૪૯ નંબરની કાર મિત્રતાના નાતે ચાર દિવસ માટે આપી હતી. મિત્ર હોઈ કાર આપ્યોનું કોઈ લખાણ કરાવ્યુંએ નહોતું અને ભાડુ પણ નક્કી કર્યુ નહોતું. બાદમાં કાર પાછી માંગતા તેણે કહેલું કે તારી કાર મેં ગીરવે મુકી દીધી છે અને સાંજે સાત વાગ્યેન પૈસા આવવાના છે જેથી છોડાવીને તને આપી જઈશ. આ કારમાં જીપીએસ સિસ્ટકમ હોઈ જેથી મેં લોકેશન ચેક કરતાં કેનાલ રોડ લક્ષ્મીવાડી-૭/૧૬ના ખુણાનું લોકેશન

# રાજકોટ લૂંટના ગુનામાં બે માસથી ફરાર આરોપી પકડાયો

રાજકોટ,

લૂંટના ગુનામાં બે માસથી ફરાર શખ્સસને યુનિવર્સિટી પોલીસે પકડી લીધો છે. આ શખ્સ અગાઉ મારામારી, દારૂ સહિતના સાત ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હતો.

બે મહિના પહેલા યુનિવર્સિટી પોલીસમાં લૂંટનો ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં નામ ખુલતાં અમન સુખબહાદુર ગુરૂમ (ઉ.૨૬-રહે. ગુરૂજીનગર આવાસ યોજના ક્વા ર્ટર બલોક નં. ૨૪/૪૯૮) ભાગી ગયો હતો. આ શખ્સહ સાધુ વાસવાણી રોડ ગુરૂજીનગર આવાસ યોજના કવાર્ટર પાસે આવ્યોઆ હોવાની પાક્કી બાતમી હેડકોન્સમ. રઘુવીરસિંહ વાળા, રાજેશભાઈ મિયાત્રા અને દિવ્યપરાજસિંહ જાડેજાને મળતાં તેને પકડી લેવાયો હતો. હજુ બે આરોપી ઉમંગ ગોવિંદભાઈ ભુત (રહે. શિવશક્તિકિલોની) અને મિલન ઉર્ફ એમકે સંજયભાઈ ખખ્ખાર (રહે. મહાવીર પાર્ક, નિર્મલા કોન્વેન્ટિ રોડ) ફરાર હોઈ પોલીસ તેને શોધી રહી છે. અલગ અલગ ગુનાઓમાં ફરાર હોય એવા આરોપીઓને શોધી



કાઢવાની પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સુધીરકુમાર દેસાઈની સુચના હોઈ એસીપી રાધીકા ભારાઈની રાહબરીમાં પીઆઈ એન.આઈ. રાઠોડ, પીઆઈ સી. એચ. જાદવ, પીએસઆઈ બી.આર. ભરવાડ, એએસઆઈ સમીરભાઈ શેખ, હેડકોન્સ . રાજેશભાઈ મિયાત્રા, રઘુવીરસિંહ વાળા, સિધ્ધારાજસિંહ જાડેજા, મહિપાલસિંહ જાડેજા, મહેન્દ્ર સિંહ ડોડીયા, કોનસ. લક્ષ્મણભાઈ મકવાણા, ગોપાલસિંહ જાડેજા, દિવ્ય રાજસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ સહિતે આ કામગીરી કરી હતી.

# ગોંડલ માર્કેટયાર્ડમાં ૫ લાખની રોકડની ચોરી કરનાર રાજકોટનો શખ્સ પકડાયો

રાજકોટ,

ગોંડલ માર્કેટ યાર્ડની દુકાનમાંથી ગઈકાલે ધોળા દિ’એ ૫ લાખની રોકડની ઉઠાંતરી કરનાર રાજકોટના શખ્સાને રૂરલ ક્રાઈમ બ્રાંચે પકડી પાડી આ ચોરીનો ગણત્રીના કલાકોમાં ભેદ ઉકેલ્યો હતો. પકડાયેલ શખ્સે મોજશોખમાં રૂપિયા વાપરવા માટે ચોરી કર્યાની કબુલાત આપી હતી.

મળતી વિગતો મુજબ ગઈકાલે ગોંડલ નવા માર્કેટીંગ યાર્ડમા આવેલ મહારાજા એન્ટયરપ્રાઈઝ નામની પેઢીની દુકાનમાંથી ટેબલનુ ખાનુ તોડી તેમાથી તીજોરીની ચાવીથી તીજોરી ખોલી કોઈ અજાણ્યો ઈસમે પેઢીની દુકાનમાં રહેલ રોકડ રૂપીયા ૫ લાખની ચોરીનો બનાવ બનતા

એલ.સી.બી. રાજકોટ ગ્રામ્ય ના એ.એસ.આઈ. બ્રિજરાજસિંહ જાડેજા, પો.હેડ.કોન્સા. અનીલભાઈ ગુજરાતી, તથા દિગ્વિજયસિંહ રાઠૌડ, તથા પો.કોન્સઈ. મહિપાલસિંહ ચુડાસમા નાઓને મળેલ ચોકકસ બાતમી આધારે ગોંડલ, આશાપુરા ચોકડી પાસે મામાદેવના મંદીર પાસેથી એક ઈસમ શંકાસ્પદ હાલતમા રોકડા રૂ. ૦૫,૦૮,૦૦૦/-ના મુદ્દામાલ સાથે મળી આવતા મજકુરની પુછપરછ દરમ્યાપન ગોંડલ શહેરમાં નવા માર્કેટીંગ યાર્ડમા મહારાજા એન્ટટરપ્રાઈઝ નામની પેઢીની દુકાનમાંથી રોકડ રકમની ચોરીની કબુલાત



આપતા ચોરીનો ભેદ ઉકેલી મજકુર ઈસમ (૧) હિતેષ ઉર્ફે શીવો નાનજીભાઈ તાળા ઉ.વ.૩૯ ધંધો- એ.સી. ફીટીંગ રહે. રાજકોટ ૧૫૦ ફુટ રિંગ રોડ માધવપાર્કની અંદર સુખ સાગર સોસાયટી શેરી નં.૭ મુળ રહે. નવાગામ પ્લોટ વિસ્તાટર તા. કાલાવડ જી. જામનગરને પકડી પાડી ગોંડલ બી-ડીવીઝન પોલીસના હવાલો કરાયો હતો. - રોકડ રકમ રૂ. ૦૫,૦૮,૦૦૦/- મોબાઈલ નંગ-૦૧ કિ.રૂ. ૩,૦૦૦/- તથા લોખંડનું ટાંકણુ -૦૧ કિ.રૂ.૫૦/- તથા ફેસટ્રેક લખેલ થેલો -૦૧ કિ.રૂ.૫૦/- તથા હીરો કંપનીનું સુપર સ્લો ન્ડુર મો.સા. ને. જીજે-૧૦-એઈ-૫૫૪૦ કિ. રૂ.૩૦,૦૦૦/-મળી કુલ મુદામાલ રૂ. ૫,૪૧,૧૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ કાર્યવાહીમાં રૂરલ ક્રાઈમ બ્રાંચના એ.એસ.આઈ બાલકળષ્ણ ભાઈ ત્રીવેદી, બ્રિજરાજસિંહ જાડેજા, રવિદેવભાઈ બારડ, વકારભાઈ આરબ તથા પો.હેડ કોન્સભ. અનીલભાઈ ગુજરાતી, દિગ્વિભજયસિંહ રાઠોડ, ઘનશ્યીમસિંહ જાડેજા, રસિકભાઈ જમોડ તથા પો.કોન્સિ. મહિપાલસિંહ ચુડાસમા, પ્રકાશભાઈ પરમાર, ભાવેશભાઈ મકવાણા, અનીરૂધ્ધ?સિંહ જાડેજા. તેમજ ગોંડલ બી ડીવીઝન પો.સ્ટેર. ના- પો. ઈન્સમ. જે.પી.ગોસાઈ, પો.હેડ.કોન્સજ. મદનસિંહ ચૌહાણ તથા શક્તિસિંહ જાડેજા જોડાયા હતા.

# રાજકોટ રઘુનંદન સોસાયટીમાં યુવાન અને વૃદ્ધાશ્રમના બે વૃદ્ધાના હૃદયરોગના હુમલાથી મોત

રાજકોટ,

રાજકોટમાં વધુ ત્રણ માનવ જિંદગી ધબકારા ચૂકી ગઈ હોવાની ઘટના સામે આવી છે જેમાં રઘુનંદન સોસાયટીમાં રહેતા રીક્ષા ચાલક યુવક અને સદભાવના વૃદ્ધાશ્રમના બે વૃદ્ધાનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ પોપટપરા મેઈન રોડ ઉપર આવેલ રઘુનંદન સોસાયટીમાં રહેતા અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હિતેશ ડાયાભાઈ ઝિંઝુવાડીયા નામનો ૩૭ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. યુવકને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબિયત જોઈ તપાસી હિતેશભાઈ ઝીંઝુવાડિયાનું હદયરોગના હુમલાથી મોત નીપજયુ હોવાનું જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા



પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક હિતેશભાઈ ઝિંઝુવાડીયા ત્રણ ભાઈ એક બહેનના નાનો હતો અને તેને સંતાનમાં એક પુત્રી છે હિતેશભાઈ ઝિંઝુવાડિયાનું હદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બનાવમાં ગોંડલ રોડ ઉપર આવેલ સદભાવના વૃદ્ધાશ્રમમાં આશ્રય લઈ રહેલા સવિતાબેન દેવગીરીભાઈ ગોસ્વામી (ઉ.વ.૭૬) અને લક્ષ્મીતાબેન માવજીભાઈ ઠક્કર (ઉ.વ.૯૨)નું પણ હૃદયરોગના હુમલાથી મોત નીપજયુ હોવાની ઘટના સામે આવી છે ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાંથી મોજશોખ માટે બાઈકની ચોરી કરનાર બે શખ્સો પકડાયા

રાજકોટ,

રાજકોટ શહેરના તાલુકા પોલીસની ટીમે સરધાર અને લાખાપરના બે શખસોને ન્યુપ દોઢસો ફુટ રીંગ રોડ પરસાણા ચોકમાંથી વાહનચોરીના ગુનામાં પકડી લીધા છે. મોજશોખ માટે કુલ ત્રણ વાહનો ચોરી કરી છુપાવી દીધા હતાં. વેંચવા માટે ગ્રાહક શોધે એ પહેલા પોલીસે દબોચી લીધા હતાં.

ડી. સ્ટા.ફની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યાપરે કોન્સહ. મહાવીરસિંહ જાડેજા, જીલુભાઈ ગરચર અને મયુરસિંહ જાડેજાને બાતમી મળી હતી કે પરસાણા ચોકમાં બે શખ્સપ આગળ પાછળ તૂટેલી નંબર પ્લેટવાળા વાહન સાથે ઉભા છે અને તેની પાસેનું બાઈક ચોરાઉ હોવાની શક્યખતા છે. આથી ત્યાંક પહોંચી બંને શખ્સ ને સકંજામાં લઈ વાહનના કાગળ બાબતે પુછતાછ કરતાં ગલ્લા તલ્લા કર્યા હતાં. પોકેટકોપમાં સર્ચ કરતાં બાઈકના માલિક અન્યં હોવાનું જણાતાં વધુ પુછતાછ થતાં મવડી ચોકડીએથી આઠ દિવસ પહેલા ચોરી કર્યાનું કબુલતાં બંનેની અટકાયત કરવામાં આવી હતી.

પુછતાછમાં પોતાના નામ સંજય ભીમજીભાઈ મુંધવા (ઉ.૧૯-રહે. સરધાર જુના સ્વાોમિનારાયણ મંદિર પાસે) તથા નિતીન અજીતભાઈ મકવાણા (ઉ.૧૯-રહે લાખાપર સરધાર પાસે છેલ્લો ગેઈટ) જણાવ્યાો હતાં. વધુ પુછતાછમાં આ બંનેએ અગાઉ પણ એક બાઈક શુભ હોટેલ પાસેથી અને એક બાઈક કોઠારીયા ગેઈટ પાસેની સોસાયટીમાંથી ચોરી અવાવરૂ જગ્યાએ છુપાવી રાખ્યીનું કબુલતાં ધરપકડ કરી હતી.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સુધીરકુમાર દેસાઈ, એસીપી બી. જે. ચૌધરીની સુચના અનુસાર પીઆઈ ડી. એમ. હરીપરા, પીએસઆઈ પી. બી. ત્રાજીયા, હેડકોન્સચ. કૌશેન્દ્રસિંહ ઝાલા, ક્રિપાલસિંહ ઝાલા, અજયભાઈ ભુંડીયા, કોન્સ . કુલદિપસિંહ ડી. જાડેજા, જીલુભાઈ ગરચર, સંજયભાઈ માંડાણી, શીવભદ્રસિંહ ગોહિલ, નિકુંજભાઈ મારવીયા, મયુરસિંહ જાડેજા અને મહાવીરસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી.

# રાજકોટના શાપર-વેરાવળમાં ટ્રકમાંથી ગાંજાનો જથ્થા સાથે એક ઝડપાયો

## ટ્રક અને ૧૧ કિલો ગાંજાનો જથ્થો સહીત ૩૧.૨૯ લાખનો મુદામાલ કબ્જે

રાજકોટ,

રાજકોટ શાપર-વેરાવળમાં રૂરલ એસઓજીની ટીમે ટ્રકમાંથી ૧૧ કિલો ગાંજાનો જથ્થોમ પકડી પાડી ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી વધુ પુછતાછ હાથ ધરી છે.

લોકસભા ચુંટણી અન્વીયે નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા પોલીસ અધિક્ષક દ્વારા જીલ્લામાં એનડીપીએસ એકટ મુજબના વધુમાં વધુ કેસો કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને એસઓજી શાખાના પોલીસ ઈન્પુેજબ કટર તથા પો.સબ ઈન્સજ. સ્ટા?ફ સાથે શાપર વેરાવળ પોલીસ સ્ટેનશન વિસ્તાારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાજન એએસઆઈ સંજયભાઈ નિરંજની, પો.કોન્સ . રઘુભાઈ ઘેડ તથા ચિરાગભાઈ કોઠીવારને સંયુકત રીતે ખાનગી રાહે હકિકત મળેલ કે સલીમ બસીરભાઈ



નારેજા રહે. ભાયાવદર વાળો પોતાના કબ્જાઘ ભોગવટાવાળો અશોક લેલન કંપનીનો માલવાહક ટ્રક જેના રજી. નંબર જીજે ૩ બીવાય ૫૨૭૨ વાળામાં ગેરકાયદેસર રીતે નાર્કોટીકસ માદક પદાર્થનો જથ્થોા લાવી અને શાપર-વેરાવળ નજીક આવેલ ખોડીયાર હોટલની સામે આવેલ પ્રા.લી. કારખાનામાં ટ્રક ભરેલ માલ સામાન ખાલી કરતો હોવાની ચોક્કસ અને ભરોસાપાત્ર હકીકત આધારેરેઈડ કરતા ઉપરોકત ટ્રકના કેબીનમાં ડ્રાઈવરની સીટના પાછળના ભાગેથી ગેરકાયદેસર રીતે વનસ્પેતીજન્યક ગાંજાના ઘટકોવાળો માદક પદાર્થનો જથ્થોડ મળી આવતા શાપર-વેરાવળ પો.સ્ટેવ. ખાતે એનડીપીએસ એકટ મુજબ ગુન્હોગ રજીસ્ટળર કરાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.સલીમ બસીરભાઈ નારેજા જાતે ગામેતી (મુસ્લીતમ) ઉ.વ.૩૪, ધંધો ડ્રાઈવીગ રહે. ભાયાવદર હોડીધાર વિસ્તાપર પાંજરાપોળ. રૂરલ એસઓજીએ વનસ્પભતીજન્ય માદક પદાર્થ ગાંજો ૧૧,૯૪૦ કિલોગ્રામ જેની કિંમત રૂા.૧,૧૯,૪૦૦ મોબાઈલ ફોન નંગ-૧ જેની કિંમત રૂા.૧૦,૦૦૦ તથા (૩) અશોક લેલન કંપનીનોઈ ટ્રક નંગ-૧ જેની કિંમત રૂા.૩૦,૦૦,૦૦૦ મળી ૩૧,૨૯,૪૦૦ મુદામાલ કબ્જેક કરેલ છે. પકડાયેલ ડ્રાઈવર સલીમ આ ગાંજો ઓરીસ્સા થી લાવ્યા ની અને પોતે છુટક વેચાણ કરતો હોવાની કબુલાત આપી છે. આ કાર્યવાહીમાં રૂરલ એસઓજીના એફ.એ.પારગી, પોલીસ ઈન્સાપેકટર એસઓજી રાજકોટ ગ્રામ્યત તથા પો.સબ ઈન્સર. શ્રી, એએસઆઈ જયવીરસિંહ રાણા , અતુલભાઈ ડાભી, સંજયભાઈ નિરંજની, ઈન્દ્ર૦સિંહ જાડેજા, પો.હેડ કોન્સ૦. વિજયભાઈ વેગડ, હિતેશભાઈ અગ્રાવત, અરવિંદભાઈ દાફડા, ભગીરથસિંહ જાડેજા, અમીનભાઈ કનેરીયા, પો.કોન્સર. વિજયગીરી ગોસ્વાઈમી, શીવરાજભાઈ ખાચર, ચીરાગભાઈ કોઠીવાર, રઘુભાઈ ઘેડ ડ્રા. એ.એસ.આઈ. અમુભાઈ વિરડા તથા ડ્રા. પો.હેડ કોન્સી. નરશીભાઈ બાવળીયા જોડાયા હતા.